૧૯૪૧ ના સાલનું વર્ષ ભવિષ્ય



લખનાર :—
પ્રોફેસર
આર. બી.
આશા,
એસ્ટ્રોલોજર
એન્ડ

આ વર્ષના અંકમાં શું વાંચશો.

દરેકની જન્મ તારીખવાળાઓનું ૧૯૪૧ નું મહિનાવાર લખાણ ભવિષ્ય. નેપોલીયન અને હીટલરના ગ્રહોનું મળતાપણું. હીટલર **sea invasion** માં ક્યાં અને કેવા રીતે નીષ્ફળતા મેળવશે ? ઇટાલી ૧૯૪૧ માં સુલેહ કરશે કે લડાઇ આગળ ચલાવશે ? બ્રીટન દુશમનોના મુલકો પર હુમલો ક્યા મહિનામાં લઇ જશે ? રશીયા ૧૯૪૧ માં કોની પક્ષમાં પોતાની સરજત જોડશે ? ચરચીલના ગ્રહો બ્રીટનને કેવી રીતે જીત અપાવશે ? ૧૯૪૧ માં ગોઅરીંગના ગ્રહોની જર્મન **Air force** પર થનારી માઠી અસર. અમેરીકાને ૧૯૪૧ માં લડાઇમાં પડવાના સંજોગો કેવા છે ? ચરચીલ તથા ગોઅરીંગની કુંડળીઓ સાથનું વર્ણન. ૧૯૪૧ માં થનારા ગ્રહણો અને "કાળ સર્પ" યોગ ક્યા દેશોને નુકશાની કરશે ? તથા સાયન ગણત્રી અને ગ્રહોને આધારે કાઢેલું ૧૯૪૧ નું દર મહિનાનું લંબાણ વેપારી, [illegible] તથા ધંધાદારી ભવિષ્ય.

કીંમત ૮ આના

૧૯૪૧ ના સાલનું વર્ષ ભવિષ્ય.

લખનાર:—પ્રોફેસર આર. બી. આશા,

(એસ્ટ્રોલોજર એન્ડ પામીસ્ટ.)

૨૩ ડીસેંમબરથી ૨૦ જાન્યુઆરીમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન ઘણા સારા જશે. તેમાં ખાસ કરીને જેઓનો જન્મ ૨૭ મી ડીસેંમબરથી ૧૬ જાન્યુઆરીમાં સવારના ૮ થી રાતના ૮ સુધીમાં હશે, તેઓનુ આ વરસ નોકરી ધંધામાં ઘણું લાભકારક જશે. બેકારોને જાન્યુઆરીથી જુન સુધીમાં કમાણીનું સાધણ મલી જશે. અને નોકરી યા ધંધો કરનારાઓને પગાર યા આવકમાં વધારો થશે. જેઓનો જન્મ રાતના ૮ થી સવારના ૬ સુધીમાં હશે, તેઓને જાન્યુઆરીથી જુન સુધીમાં સારટી, લોટરી યા વારસા હીસ્સાથી અચાનક લાભો ઘણા થશે. શેર સટ્ટો યા બજારનું બીઝનેસ કરનારાઓ જો આ તાઇમે સભાલીને વહેવાર કરે તો સારૂ કમાય એમ છે. વેપારીઓને મુસાફરીમાં યા પરદેશ સાથના બીઝનેસમાં સારો ફાયદો થાય એમ છે. આ તાઇમે જન્મનારા વિધ્યાર્થીઓ પરીક્ષામાં આ વરસે ફતેહમંદ થશે. પરણેલાઓને ત્યાં આ વરસે સંતાનની પ્રાપ્ય યા સંતાન સુખ સારૂ રહેશે. ઉપલી તારીખોમાં જન્મનારી કુંવારી સ્ત્રીઓનો જાન્યુઆરીથી જુન સુધીમાં વિવાહ (લગ્ન) થવાનો મજબુત યોગ છે, અને પરણેલી સ્ત્રીઓને ઘણી તથા સંતાનનું સુખ સારૂ રહેશે. ઉપલી તારીખોમાં જન્મનારાઓનો જુલાઇથી ડીસેંમબર સુધીનો તાઇમ સાધારણ નબળો રહેશે. જેઓનો જન્મ પાછલી રાતના ૪ થી સાંજના ૪ સુધીમાં હશે, તેઓએ આ વરસના પાછલા ૬ મહિનામાં પૈસાની બાબદમાં ઘણું સંભાળવું. શેર સટ્ટો યા બજારનું બીઝનેસ કરનારાઓએ આ તાઇમે જોખમકારક વહેવારમાં પૈસા રોકવા નહિ. ઉપલે

તાઇમે જન્મનારાઓએ આ વખતે પૈસાની ધીરધાર, લેવડદેવડ યા કોઇના જામીન રહેતાં સંભાળવું, નહિ તો વિશ્વાસે ઠગાવાનું થશે. જેઓના જન્મના ગ્રહો પૈસામાં ખરાબ હશે તેઓ આ વખતે ખોટા અને ઉડાઉ ખરચને લીધે કંઇક કરજદારીમાં આવી પડશે. જેઓના જન્મના ગ્રહો સંતાનમાં ખરાબ હશે તેઓએ આ વખતે પોતાના સંતાનની સંભાળ લેવી. આ તાઇમે જન્મનારાઓએ બનતાં સુધી મારામારી ખટપટથી દુર રહેવું, અને મગજ શાંત રાખી દરેક સાથે વાતચીતનો વહેવાર કરવો. મુસાફરીમાં યા રસ્તે આ વખતે સાધારણ અકસમાત યા પડવા ખડવાથી પણ સંભાળવું. જેઓનો જન્મ સાંજના ૪ થી પાછલી રાતના ૪ સુધીમાં હશે, તેઓને આ વખતે નોકરીમાં ઉપરી અમલદારો સાથે બનાવ સારો રહેશે નહિ. નોકરીમાં કામનો બોજો યા તકલીફ ઘણી રહેશે. ધંધાદારીઓના ધંધામાં જાહેર દુશમનો અને હરીફો ઘણા ઉભા થશે, અને હાથ નીચેના માણસો યા નોકર ચાકરોથી હેરાન થવું પડશે. ભાગીદારીમાં યા વારસા હીસ્સા મલવામાં કંઇ ખટપટ જાગે એમ છે. આ તાઇમે જન્મનારાઓએ કોર્ટ દરબારના લફરાંથી સંભાળવું. બનતાં સુધી ઘરમેલે સમજુતી થતી હોય તો કરી લેવી, કારણ કે કોર્ટ દરબારના કામમાં નુકશાની થશે. ફક્ત જેઓનો જન્મ ૧૬ થી ૨૦ જાન્યુઆરીમાં હશે, તેઓને આ વરસના પાછલા ૬ મહિનામાં કંઇપણ વધુ નુકશાન થશે નહિ.

* * * * *

૨૧ જાન્યુઆરીથી ૧૯ ફેબ્રુઆરીમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓના આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન ઘણા ખરાબ જશે. નોકરયાત વગેરેને નોકરીમાં હાડમારી, છુપા દુશમનોની હેરાનગતી અને ઉપરી અમલદારો સાથે અણબનાવ રહેશે. વેપારીઓ અને ધંધાદારીઓના ધંધામાં ઘણી મંદી રહેશે, અને આવક ઓછી થઇ ખરચ પાસુ વધશે. ખાસ કરીને જેઓનો જન્મ સવારના ૧૦ થી સાંજના ૪ સુધીમાં હશે, તેઓનો ઉપલો તાઇમ નોકરી, ધંધા યા પૈસામાં ઘણો નબળો જશે. જેઓ નોકરી

કરતા હશે તેઓએ આ તાઇમે નોકરીની ઘણી સંભાળ લેવી. અને જેઓ બેકાર હશે તેઓને હજી ૬ મહિના સુધી બેકાર રહેવું પડશે, અને ધંધાદારીઓના ધંધા હજી ૬ મહિના સુધી નબળા ચાલશે. જેઓના જન્મના ગ્રહો પૈસામાં ખરાબ હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિનામાં પૈસાની તંગી, હાડમારી, અડચણ અને કંઇક કરજદારી કરવી પડશે. ફક્ત જેઓનો જન્મ ૨૧ જાન્યુઆરીથી ૧૦ ફેબ્રુઆરીમાં હશે, તેઓનો જુલાઇ પછીથી તાઇમ સુધરતો જશે. પૈસાની તંગી ઓછી થઇ, પૈસામાં હાથ છુટો રહેશે. બેકારોને જુલાઇથી ડીસેંમબર સુધીમાં કંઇપણ કમાણીનું સાધણ મલી જશે, અને ધંધાદારીઓના ધંધામાં સુધારો થઇ આવક વધશે. જેઓનો જન્મ સવારના ૪ થી ૬ બપોરના ૨ થી ૪ અને સાંજના ૬ થી ૮ માં હશે, અને તેઓની ઉંમર હાલ જે ૧૫, ૩૦, ૪૫ યા ૬૦ ની હશે તો તેઓને આ તાઇમે તબયતનો બગાડો થઇ નાની-મોટી માંદગીઓ આવશે. ખાસ કરીને ગળું, છાતી, હાર્ટબબલ યા પીશાબને લગતા દરદો રેતી પથરીથી હેરાન થવું પડશે. આ તારીખોમાં જન્મનારી કુંવારી સ્ત્રીઓના લગ્ન જો નક્કી હશે તો આ તાઇમે કંઇ વાંધો પડી વાત ઢીલમાં પડશે. ફક્ત જે સ્ત્રીઓનો જન્મ ૨૧ જાન્યુઆરીથી ૨૦ ફેબ્રુઆરીમાં હશે તેઓનાજ લગ્ન જુલાઇથી ડીસેંમબર સુધીમા થઇ જશે. અને પરણેલી સ્ત્રીઓને ધણીનું સુખ આ તાઇમે સારૂં રહેશે. જેઓનો જન્મ ૨૧ જાન્યુઆરીથી ૧૦ ફેબ્રુઆરીમાં હશે તેઓને આ વરસના પાછલા ૬ મહિના જુલાઇથી ડીસેંમબર ઘણા ઉત્તમ જશે. તેમાં ખાસ કરીને જેઓનો જન્મ રાતના ૧૨ થી ૨ સવારના ૬ થી ૮ અને સાંજના ૬ થી ૮ માં હશે, તેઓને આ તાઇમે સારટી, લોટરી યા વારસા હીસ્સાથી અચાનક લાભ સારો થશે. અને જેઓના જન્મ રાતના ૮ થી ૧૦ અને બપોરના ૧૨ થી ૨ માં હશે, અને તેઓ જો હાલ બેકાર હશે તો કામ ધંધે જરૂર લાગી જશે. અને જેઓ નોકરી ધંધામાં હશે તેઓની આવક કમાણીમાં આ તાઇમે સારો વધારો થશે. ફક્ત જેઓનો જન્મ ૧૧ ફેબ્રુઆરીથી ૧૯ ફેબ્રુઆરીમાં હશે, તેઓનું લગભગ આખું વરસ નોકરી, ધંધા, પૈસા તથા દરેક બાબદે નબળું રહેશે. તેઓનું આવતું સાલ ૧૯૪૨ ઘણું સારૂં જશે.

*   *   *   *   *

લગ્નની રાશ અંગ્રેજી તથા દેશી રૂઢી પ્રમાણે જોવામાં આવે છે.

૨૦ ફેબ્રુઆરીથી ૨૦ માર્ચમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન ઘણા સારા જશે. જેઓ બેકાર હશે, તેઓને આ તાઇમે કંઇપણ કમાણીનું સાંધણ જરૂર મલી જશે. અને પૈસાની તંગી ઓછી થઇ પૈસામાં હાથ છુટો રહેશે. જેઓ નોકરી ધંધામાં ચાલુ હશે, તેઓને આ તાઇમે નોકરી ધંધામાં આગલ વધવાના ચાન્સો મલશે, અને પગાર તથા આવકમાં સારો વધારો થશે. જેઓનો જન્મ સવારના ૮ થી ૧૦ અને સાંજના ૪ થી ૬ માં થયો હશે, તેઓને નોકરી ધંધામાં ધારવા કરતા વધુ લાભ થશે. જેઓનો પાછલી રાતના ૨ થી ૪ અને બપોરના ૨ થી ૪ અને રાતના ૮ થી ૧૦ માં હશે, તેઓને જાન્યુઆરીથી જુન સુધીમાં અચાનક લાભો સારા થશે. સારટી, લોટરી યા વારસા હીસ્સાથી સારો લાભ થશે. શેર સટ્ટો યા બજારનું બીઝનેસ કરનારાઓ જો આ તાઇમે વગર લોભે વેપાર કરે તો સારૂં પેદા કરી શકશે. જો લોભ કર્યો તો ગાંઠની મુડી મુકવી પડશે. ઉપલી તારીખોમાં જન્મનારાઓને જાન્યુઆરીથી જુન સુધીમાં મુસાફરીઓ ઘણી થશે, અને પરદેશ સાથના બીઝનેસ વહેવારમાં સારો લાભ થશે. આ તારીખોમાં જન્મનારા વિધ્યાર્થીઓ આ વરસે પરીક્ષામાં ફતેહમંદ રીતે પસાર થશે. ઉપલી તારીખોમાં જન્મનારી કુંવારી સ્ત્રીઓના લગ્ન જાન્યુઆરીથી જુન સુધીમાં થાય એમ છે. અને વિવાહીત સ્ત્રીઓને આ વખતે ધણી તથા સંતાનનું સુખ સારૂં રહેશે. ઉપલી તારીખોમાં જન્મનારાઓના આ વરસના પાછલા ૬ મહિના જુલાઇથી ડીસેંમબર સાધારણ નબળા જશે. ખાસ કરીને જેઓનો જન્મ સવારના ૬ થી ૮ બપોરના ૧૦ થી ૨ અને પાછલી રાતના ૧૨ થી ૨ માં હશે, તેઓએ આ વરસના પાછલા ૬ મહિનામાં પૈસાની બાબદમાં ઘણું સંભાળવું. પૈસાની ધીરધાર, લેવડદેવડ, જામીનગીરી યા જોખમકારક વહેવાર કરતા ઘણું સંભાળવું. જેઓના જન્મના ગ્રહો પૈસામાં ખરાબ હશે તેઓને આ વખતે પૈસામાં ન ધારેલા મોટા ખરચો અને નુકશાની ઘણી થશે. બનતાં સુધી શેર, સટ્ટો યા જોખમકારક વહેવારમાં પૈસા રોકવા નહિ.

ઉપલા તાઇમમાં જન્મનારાઓએ પોતાના સંતાનની સંભાળ લેવી. જેઓનો જન્મ સવારના ૪ થી ૬ સાંજના ૨ થી ૬ અને રાતના ૮ થી ૧૦ માં હશે, તેઓને આ વરસના પાછલા ૬ મહિનામાં નોકરી ધંધામાં, દુશમનો અને હરીફો ઘણા ઉભા થશે. નોકરીમાં ઉપરી અમલદારો સાથે સાધારણ ખટપટ જેવા પ્રસંગો ઉભા થશે, પણ ગુરૂ સારો હોવાથી નોકરીને નુકશાન થશે નહિ. આ તાઇમે જન્મનારાઓએ પોતાના ભાઇ-બહેનો અને આડોશીપાડોશી સાથે સંભાળીને વાતચીતનો વહેવાર રાખવો. આ વખતે મુસાફરીઓ ઘણી થશે, પણ મુસાફરી ફાયદાકારક નીવડશે નહી. ફક્ત જેઓનો જન્મ ૨૦ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ સવારના ૪ થી ૬ માં થયો હશે, તેઓનું લાંબા વખતનું ઢીલમાં પડેલું કામ જુલાઇથી ડીસેંમબર સુધીમાં એકાએક રીતે પાર પડશે.

* * * * *

૨૧ માર્ચથી ૨૦ એપ્રીલમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન સાધારણ નબળા જશે. પૈસામાં આવક કરતા ખરચ વધુ રહેશે. જો કે ગુરૂ સારો હોવાથી આવક કમાણીના સાંધણો ચાલુ રહેશે, પણ પૈસાની saving થઇ શકશે નહિ. કંઇને કંઇ બહાને પૈસાના ખરચ થયાજ કરશે. ખાસ કરીને કુટુંબ યા ઘરસંસાર પાછળ પૈસાનો ખરચ કંઇક વધુ થશે. ખાસ કરીને જેઓનો જન્મ સવારના ૬ થી ૧૧ રાતના ૮ થી ૧૨ અને પાછલી રાતના ૨ થી ૪ માં હશે, તેઓને પૈસાનો ખરચ અને નુકશાની કંઇક વધુ રહેશે. ઉપલા તાઇમે જન્મનારાઓને કુટુંબનું સુખ સારૂં મલશે નહિ. કુટુંબમાં અણબનાવ યા ખટપટ જેવા પ્રસંગો વારેઘડીએ ઉભા થશે. ફક્ત જેઓનો જન્મ બપોરના ૧૨ થી ૪ માં થયો હશે તેઓનો ઉપલો તાઇમ દરેક રીતે સારો જશે. નોકરીમાં આગલ વધવાના સારા ચાન્સો મલશે, અને કંઇક જોખમદારીના કામોમાં વધારો થશે. ખાસ કરીને ગવરમેંટ, મીલીટરી યા સ્ટેટમાં નોકરી

કરનારાઓને વધુ સારો લાભ થશે. ઉપલી તારીખોમાં જન્મનારાઓનો જુલાઇથી ડીસેંમબર સુધીનો તાઇમ ઘણો ઉત્તમ જશે. પૈસાની તંગી તથા ખરચ ઓછો થઇ પૈસામાં હાથ છુટો રહેશે. આ તારીખોમાં જન્મનારા બેકારોને જુલાઇ પછી નોકરી ધંધાના સાંધણો જરૂર મલી જશે. જેઓનો જન્મ સવારના ૬ થી ૮ અને સાંજના ૬ થી ૮ માં હશે, તેઓનું મગજ આ વખતે ઘણું ગરમ રહેશે, અને જરાજરામાં ગુસ્સો ઉત્પન્ન થાય એવા બનાવો બનશે. જો જન્મના ગ્રહો ખરાબ હશે, તો આવા માણસો ઘણા ગુસ્સે થવાથી, માંથાની યા મગજની બીમારી યા માંથે લોહી ચઢવાની Apoplexy ની ધાસ્તી રહેશે. ખાસ કરીને જેઓનો જન્મ સાંજના ૬ થી ૮ માં હશે, તેઓએ આ વખતે સ્ત્રી, ભાગીદારી યા કોર્ટ દરબારના લફરાંથી સંભાળવું. જો કે ગુરૂ સારો હોવાથી કોર્ટ કેશમાં છેવટે ફતેહમંદ થશે. આ તાઇમમાં જન્મનારી સ્ત્રીઓને ધણી યા સંસારમાં ખટપટ જેવા પ્રસંગો ઉભા થશે. જેઓનો જન્મ સવારના ૮ થી ૧૦ અને રાતના ૮ થી ૧૦ માં હશે, અને ખાસ કરીને તેઓની ઉમર હાલ ૩૨, ૪૭ યા ૬૨ ની હશે, તેઓએ આ વખતે છુપા દુશમનો કાવાદાવા, પોલીશકોર્ટના લફરાંથી સંભાળવું. જો કે ગુરૂ સારો હોવાથી આંટ credit ને ધોકકો પુગશે નહિ, તોપણ દુશમનો શરૂઆતમાં કંઇક હેરાન કરી જશે. બનતાં સુધી હાથ નીચેના માણસો યા નોકર-ચાકરો પર બીલકુલ વિશ્વાસ રાખવો નહિ. આ તાઇમમાં જન્મનારાઓને પૈસા તથા આવકના સાંધણો ચાલુ રહેશે, પણ ખોટા અને ઉંચા ખરચોને લીધે પૈસા બચાવી શકાશે નહિ. જો જન્મના ગ્રહો પૈસામાં ખરાબ હશે તો કંઇક કરજદારી પણ થશે. આ તાઇમમાં જન્મનારા પુરૂષોને જમણી આંખ, અને સ્ત્રીઓને ડાબી આંખની કંઇક ત્રબલ રહેશે. જેઓનો જન્મ બપોરના ૧૦ થી ૧૨ અને રાતના ૧૦ થી ૧૨ માં હશે, અને તેઓની ઉમર હાલ ૩૨, ૪૭ યા ૬૨ ની હશે, તેઓએ આ વખતે નવી દોસ્તી યા મીત્રોને દુરથીજ નમસ્કાર કરવા, નહિ તો કે ખીસાં પર મોટો કાપ મુકાઇ જશે. આ તાઇમમાં જન્મનારાઓએ શેર સટ્ટો યા બજારનું જોખમકારક બીઝનેસ કરતા સંભાળવું. જો કે ગુરૂ સારો હોવાથી શરૂઆતમાં સારૂં કમાવી આપશે, પણ પાછળથી ખાડામાં ઉતારી દેશે. આ તાઇમમાં જન્મનારાઓના સંતાનમાં ગ્રહો ખરાબ હશે,

---

જોતિષને લગતા દરેક કામના અરધા પૈસા આંગપર લેવામાં આવશે.

તેઓના સંતાનને આ વખતે સાધારણ અકસ્માત યા હથ્યાર ઓપરેશનનો સંભવ રહેશે. જો કે ગુરૂ સારો હોવાથી આવરદાને વાંધો આવશે નહિ. આ ટાઇમમાં જન્મનારી વિવાહીત સ્ત્રીઓનો ગર્ભ અધુરે જવાનો સંભવ રહેશે, અથવા તો પ્રસુતી વેળા કંઇક હેરાન થવું પડશે. અને કુંવારી સ્ત્રીઓ આ વખતે માસીક માંદગીથી હેરાન થશે. જેઓનો જન્મ બપોરના ૧૨ થી ૨ અને રાતના ૧૨ થી ૨ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૩૨, ૪૭ યા ૬૨ ની હશે, તેઓએ નોકરીમાં ઉપરી અમલદારો સાથે મગજ શાંત રાખી વાતચીતનો વહેવાર કરવો, કારણ કે તમારો વાંક હોય યા ન હોય તોપણ આ વખતે બદનામ યા કંઇક નીંદામાં આવી પડશો. જો કે ગુરૂ સારો હોવાથી નોકરીને અલવલ આવશે નહિ, તોપણ બનતાં સુધી કામકાજમાં ઘણું ચોક્કસ રહેવું. આ ટાઇમે જન્મનારાઓએ ઉછાછલાપણે નોકરી, ધંધો યા ઘર રહેઠાણની બદલી યા ફેરફાર કરવો નહિ, કારણ કે તેમ કરવાથી સાધારણ રખડપતીમાં આવી પડશો. જેઓનો જન્મ બપોરના ૨ થી ૪ અને પાછલી રાતના ૨ થી ૪ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૩૨, ૪૭ યા ૬૨ ની હશે, તેઓને આ વખતે મુસાફરીમાં યા રસ્તે-વાટે અકસ્માતીક બનાવો ઘણા નડશે. લાંબી મુસાફરીએ બીલકુલ જવું નહિ. આ ટાઇમે જન્મનારાઓને પોતાના ભાઇ-બહેનો યા આડોશીપાડોશી સાથે મજબુત બોલાચાલી યા અણબનાવ થવાનો સંભવ છે. જો જન્મના ગ્રહો ભાઇ-બહેનોમાં ખરાબ હશે, તો આ વખતે ભાઇ-બહેનોના સુખને નુકશાન પુગવાનો સંભવ રહેશે. બનતા સુધી આ વખતે ઉછાછલા યા હુલ્લડઇભર્યાં કામકાજથી દુર રહેવું, અને મગજ શાંત રાખી દરેક સાથે વાતચીતનો વહેવાર કરવો. જેઓનો જન્મ સાંજના ૪ થી ૬ અને પાછલી રાતના ૪ થી ૬ માં હશે, તેઓ આ વખતે જેટલી ઝડપથી પૈસા કમાશે તેટલી ઝડપથી પૈસા પાછા ગુમાવી દેશે. મેળવેલા પૈસાની કીંમત તેઓ સમજી શકશે નહિ. જેઓના પૈસામાં ગ્રહો ખરાબ હશે, તેઓને પૈસાની તંગી યા કરજદારી કરવી પડશે, અને જેઓ પાસે પૈસા હશે તેઓ ગમે

---

૭૯ વર્ષે મંગળ પાછો મેષ રાશીમાં ૭ મહિના રહેતો હોવાથી આ મંગળ તમારા જન્મના ગ્રહો પર કેવી અસર કરશે, તે માટે ફક્ત ત્રાયલ દાખલ હમારૂં ૧૯૪૧ નું વર્ષફળ બનાવી જુઓ.

તે છતા પણ પૈસા સાચવી શકશે નહિ. જેઓને આ તારીખે વારસો હીસ્સો યા ઘર જમીન મલવાનો યોગ હશે તેઓને પોતાની મીલકતની અડધી ઉપર રકમ કોર્ટ દરબાર અને મારામારી ખટપટમાં ખલાસ કરવી પડશે. જો કે ગુરૂ સારો હોવાથી કોર્ટ કેશમાં છેવટે ફતેહમંદ થશે. પણ પૈસામાં "ખોદયો ડુંગર અને કાઢયો ઉંદર" જેવી હાલત થશે. આ તારીખે જન્મનારાઓને કુટુંબનું સુખ બીલકુલ રહેશે નહિ. જો જન્મના ગ્રહો વધુ ખરાબ હશે તો કુટુંબથી છુટા પડવું પડશે.

* * * * *

૨૧ એપ્રીલથી ૨૨ મે માં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન સાધારણ નબળા જશે. આ તારીખોમાં જન્મનારાઓને જો કે આવક કમાણીના સાંધણા ચાલુ રહેશે, પણ એક રૂપેયો કમાવાને માટે ચાર ઘણી મેહનત કરવી પડશે. આઇતો લાભ બીલકુલ થશે નહિ. ખાસ કરીને જેઓનો જન્મ સવારના ૪ થી ૬ અને ૮ થી ૧૦ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૩૦, ૪૫, ૬૦ યા ૭૫ ની હશે, તેઓ આ વખતે ગમે એટલું કમાવા છતાં પણ આવક કરતા ખરચ પાસુ વધુજ રહેશે. અને જો જન્મના ગ્રહો પૈસામાં ઘણા ખરાબ હશે, તો કંઇક કરજદારી કરવી પડશે, અથવા તો કમાણીનો મોટો ભાગ કરજદારીમાં ભરવો પડશે. ખાસ કરીને જેઓનો જન્મ ૧૧ મે થી ૨૨ મે સુધીમાં હશે, તેઓનું લગભગ આખું વરસ પૈસા તથા દરેક બાબદે નબળું જશે. ૧૯૪૨ નું સાલ તેઓ માટે ઘણુંજ સારૂં જશે. જેઓનો જન્મ બપોરના ૧૨ થી ૨ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૩૦, ૪૫, ૬૦, યા ૭૫ ની હશે, તેઓને આ વખતે સત્તા, માન, ઇજ્જત દરેક ચીજ મલશે. પણ તે સત્તા તથા માન લાંબો વખત ટકશે નહિ. ટુંકમાં એકદમ ચઢતી થઇ પાછી પડતી થશે. જે સ્ત્રીઓનો જન્મ ૨૬ એપ્રીલ થી ૨૨ મે માં

હશે, તેઓના લગ્ન જાન્યુઆરીથી જુન સુધીમાં થઇ જશે. પણ લગ્નની શરૂઆતમાં કંઇક અડચણ યા ખટપટ થશે. ઉપલી તારીખોમાં જન્મનારાઓનો જુલાઇથી ડીસેંમબર સુધીનો તાઇમ સાધારણ સુધારા પર રહેશે. બેકારોને આ તાઇમે કંઇપણ કમાણીના સાંધણો મલી જશે. તોપણ ઉપલી તારીખોમાં જન્મનારાઓનું લગભગ આખું વરસ પૈસામાં કંઇને કંઇ ખરચ કરાવતા જશે. આ વરસે પૈસાનો બંચાવ saving થઇ શકશે નહિ. એક બાજુથી પૈસા આવી બીજી બાજુએ ખલાસ થશે. પૈસા હાથમાં ઘણોવાર ટકશે નહિ. ધંધાદારીઓને પોતાના ધંધા આંટને ખાતર ચલાવી લેવા પડશે. બાકી ધંધામાં ફાયદો નહિ જેવો જણાશે. ફક્ત જેઓનો જન્મ બપોરના ૨ થી ૪ માં હશે તેઓજ જુલાઇથી ડીસેંમબર સુધીમાં ધંધામાં વધુ પડતો ફાયદો મેલવી શકશે, અને નોકરી કરનારાઓને ઘણી ખટપટે પગારમાં વધારો જુલાઇથી ડીસેંમબર સુધીમાં મલશે. જેઓનો જન્મ ૧૧ મે થી ૨૦ મે સુધીમાં હશે, અને તેઓની ઉંમર હાલ ૩૦, ૪૫, ૬૦ યા ૭૫ ની હશે, તો તેઓની તબયત જુલાઇથી ડીસેંમબર સુધીમાં નરમ રહેશે ગળું, છાતી તથા પીશાબને લગતા દરદો રેતી, પથરી યા હાર્ટ ત્રબલથી હેરાન થવું પડશે. ઘણી ખરી દેહ શરદીના કારણથી વધુ બગડશે.

* * * * *

૨૩ મે થી ૨૧ જુનમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન સાધારણ નબળા જશે. બેકારોને નોકરીના સાંધણો મેળવતાં હજી તકલીફ પડશે, અને નોકરી કરનારાઓને છુપા દુશમનો યા ઉપરી અમલદારોની હેરાનગતી રહેશે. જો કે છુપા દુશમનો માર્યાં પછી પાછા દોસ્તી સાંધતા આવશે. ધંધાદારીઓને શરૂઆતમાં ગાંદના ગોપીચંદ કરવા પડશે. ધંધાદારીઓએ ધંધા બંધ નહિ કરતા શરૂઆતના ૬ મહિના સંભાલી લેવા, કારણ કે જુલાઇ પછી તેઓ ધંધામાં

હમારૂં અંગ્રેજી રૂઢીથી કાઢેલું વર્ષફળ, આજે જાણીતા પુરૂષોમાં તથા વેપારી અને ધંધાદારી વર્ગમાં ભારે પ્રશંસા પામ્યું છે.

સારૂ પેદા કરી શકશે. જેઓના જન્મના ગ્રહો પૈસામાં સારા હશે તેઓને આ વખતે પૈસાની કરકસર કરવી પડશે. અને જેઓના જન્મના ગ્રહો પૈસામાં ખરાબ હશે, અને તેઓની ઉંમર હાલ ૩૦, ૪૫, ૬૦ યા ૭૫ ની હશે, તેઓને આ વખતે પૈસાની તંગી ઘણી રહેશે, અને વખતે કંઇક કરજદારી પણ કરવી પડશે. જેઓનો જન્મ બપોરના ૨ થી ૪ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૨૦, ૨૪, ૩૦, ૩૬, ૪૦, ૪૮ યા ૬૦ ની હશે, તેઓને જાન્યુઆરીથી જુન સુધીમાં વારસા હીસ્સાથી, ઘર, જમીન યા રોકડ રકમનો જરૂર લાભ થશે. જેઓનો જન્મ ૨૩ મી મે થી ૧૨ મી જુનમાં થયો હશે, તેઓને આ વરસના પાછલા ૬ મહિના જુલાઇથી ડીસેંમબર ઘણા ઉત્તમ જશે. આ તારીખોમાં જન્મનારા બેકારોને આ વખતે નોકરી યા કમાણીનું કંઇપણ સાંધણ જરૂર મલી જશે. નોકરી કરનારાઓને પગાર યા જગ્યામાં વધારો મલશે. અને ધંધાદારીઓના ધંધામાં તેજી આવશે. ફક્ત જેઓનો જન્મ સાંજના ૬ થી ૮ રાતના ૧૨ થી ૨ અને સવારના ૪ થી ૬ માં હશે, તેઓ આ તાઇમે પૈસા જો કે મલશે, પણ કંઇને કંઇ નીકલતા ખરચોમાં પૈસા જતા રહેશે, અથવા તો કોઇને આપવા લેવામાં યા કરજદારીમાં વપરાશે. ખાસ કરીને જેઓના જન્મ બપોરના ૧૨ થી ૨ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૨૪, ૩૬, ૪૮ યા ૬૦ ની હશે, તો તેઓના ભવિષ્યમાં આ વખતે સારો સુધારો થશે, અને માન, ઇજ્જત તથા સત્તામાં વધારો થઇ ઘણા જાહેરમાં આવશે. જેઓનો જન્મ સવારના ૬ થી ૮ બપોરના ૨ થી ૪ રાતના ૧૦ થી ૧૨ અને સવારના ૧૦ થી ૧૨ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૨૪, ૩૬, ૪૮, ૬૦ યા ૭૨ ની હશે, તો તેઓએ આ વરસના પાછલા ૬ મહિનામાં સારટી લોટરીમાં નસીબ અજમાવી જોવાથી સારો લાભ થશે. શેર, સટ્ટો યા બજારનું બીઝનેસ કરનારાઓને આ તાઇમે સારૂં નાણું પેદા કરવાનો ચાન્સ છે, કોશેશ કરવી. ઉપર લખ્યા પ્રમાણેનો જન્મ તાઇમ અને ઉમર જેઓની હશે તેઓનેજ ઉપલી બન્ને ચીજોથી લાભ થશે. બાકીનાઓ જો શેર સટ્ટામાં ઝીપલાવશે તો નાહકની નુકશાની વહોરી લેશે માટે સંભાળવું. ફક્ત જેઓનો જન્મ ૧૩ જુનથી ૨૧ જુનમાં હશે તેઓનું લગભગ આખું વરસ પૈસા તથા દરેક બાબદે નબળું જશે. આવતું ૧૯૪૨ નું સાલ તેઓ માટે સારૂં જશે.

*　　*　　*　　*　　*

 ૨૨૫૯૫

૨૨ જુનથી ૨૨ જુલાઇમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન ઘણા સારા જશે. બેકારોને આ વખતે નોકરી યા કમાણીના સાંધણો જરૂર મલી જશે, અને નોકરયાંત વર્ગોને પગારમાં યા જગ્યામાં વધારો મલશે, અને ધંધાદારીઓના મંદ પડેલા ધંધામાં તેજીનું જોર રહેશે. આ તારીખોમાં જન્મનારા વિધ્યાર્થીઓ આ વરસે કંઇક મુસીબતથી પરીક્ષામાં પાસ થશે. ૨૮ જુનથી ૨૨ જુલાઇમાં જન્મનારી કુંવારી સ્ત્રીઓના લગ્ન જાન્યુઆરીથી જુન સુધીમાં નક્કીપણે થઇ જશે. અને વિવાહીત સ્ત્રીઓને ધણી તથા સંતાનનું સુખ સારૂં રહેશે. જેઓનો જન્મ સવારના ૮ થી ૧૦ બપોરના ૧૨ થી ૨ અને રાતના ૧૨ થી ૨ માં હશે, તેઓને આ વખતે નોકરી ધંધામાં વધુ પડતો લાભ થશે. આ તારીખોમાં જન્મનારાઓ આ વરસે પોતાના સંતાનના કંઇક શુભ કાર્યો કરશે. જેઓનો જન્મ ૨૮ જુનથી ૨૨ જુલાઇમાં હશે, તેઓને આ વરસના પાછલા ૬ મહિના જુલાઇથી ડીસેંમબર સાધારણ નબળા જશે જો કે નોકરી, ધંધા તથા આવકના સાંધણો ચાલુ રહેશે, પણ ખોટા અને ન ધારેલા ખરચાને લીધે પૈસાની સાધારણ ખેંચ રહેશે. ખાસ કરીને જેઓનો જન્મ પાછલી રાતના ૨ થી ૬ રાતના ૧૦ થી ૧૨ અને સાંજના ૪ થી ૬ માં હશે, તેઓને આ વખતે કંઇને કંઇ પૈસાની નુકશાની થયા કરશે. આ તાઇમમાં જન્મનારાઓએ શેર, સટ્ટો યા જોખમકારક વહેવારથી દુર રહેવું, અને કોઇને પણ પૈસાની ધીરધાર લેવડદેવડ યા જામીન રહેતા સંભાળવું. આ તાઇમમાં જન્મનારાઓએ પોતાના સંતાનની સંભાળ લેવી. જેઓનો જન્મ રાતના ૮ થી ૧૦ અને સવારના ૮ થી ૧૦ માં હશે, તેઓને આ વખતે ભાઇ-બહેનો યા આડોશીપાડોશી સાથે સાધારણ અણબનાવ યા ખટપટ જેવા પ્રસંગો ઉભા થશે. આ તાઇમમાં જન્મનારાઓએ રસ્ટેવાટે યા મુસાફરીમાં સાધારણ અકસ્માત યા પડવા ખડવાથી સંભાળવું. જેઓનો જન્મ બપોરના ૧૨ થી ૨ અને સવારના ૬ થી ૮ માં

હશે, તેઓએ આ વખતે નોકરીમાં ઉપરી અમલદારો સાથે મગજ શાંત રાખી વાતચીતનો વહેવાર રાખવો, નહિ તો સાધારણ અથડામણમાં આવવું પડશે, અને ધંધાદારીઓના ધંધામાં આ વખતે જાહેર દુશમનો અને હરીફો ઘણા ઉભા થશે, અને ભાગીદારો સાથે ખટપટ જાગશે. કંઇક કોર્ટ કેશો પણ ઉભા થશે, પણ ગુરૂ સારો હોવાથી કેશ તમારી તરફેણમાં રહેશે.

* * * * *

૨૩ જુલાઇથી ૨૨ ઓગસ્ટમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન પૈસામાં તથા દરેક બાબદે ઘણા ખરાબ જશે. બેકારોને હજી ૬ મહિના સુધી નોકરી વગર રહેવું પડશે. અને નોકરી કરનારાઓને પોતાની નોકરીની પલેપલે ધાસ્તી રહેશે. અને ધંધાદારીઓને પોતાનાં ધંધામાં હજી ૬ મહિના સુધી ખોટ અને નુકશાની ખમવી પડશે. આ તારીખોમાં જન્મનારી કુંવારી સ્ત્રીઓના લગ્ન વાંધામાં પડી અટકાવ થશે. ફક્ત જેઓનો જન્મ ૨૩ જુલાઇથી ૧૪ ઓગસ્ટમાં હશે, તેઓનાજ લગ્ન જુલાઇથી ડીસેંમબર સુધીમાં થઇ જશે. જેઓનો જન્મ સવારના ૬ થી ૮ બપોરના ૨ થી ૬ અને રાતના ૮ થી ૧૦ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૨૪, ૩૦, ૩૬, ૪૮, ૬૦ યા ૭૨ ની હશે, તો તેઓની તબયત આ વખતે ઘણી નબળી રહેશે. ખાસ કરીને બ્લડપ્રેશર યા લકવાની બીમારી યા શરદીથી ઉત્પન્ન થતા દરદોથી કંઇક પીડાકારી ભોગવવી પડશે. તેમાં ખાસ કરીને જેઓનો જન્મ સવારના ૬ થી ૪ સાંજના ૬ થી ૮ બપોરના ૧૨ થી ૨ અને રાતના ૧૨ થી ૨ માં હશે, અને તેઓની ઉપર લખેલી ઉંમર હાલ હશે તો તેઓને આ વખતે છાતીમાં આકરૂં, પવન યા હાર્ટ ત્રબલની બીમારી જરૂર રહેશે. જેઓનો જન્મ ૨૩ જુલાઇથી ૧૪ ઓગસ્ટમાં હશે, તેઓને જુલાઇથી ડીસેંમબરનો તાઇમ ઘણો સારો જશે. બેકારો આ વખતે ઘણીજ સારી જેવી નોકરીમાં ઠર પડી જશે, અને નોકર્યાત વર્ગોને પગાર તથા આવકમાં સારો જેવો વધારો થશે, અને ધંધાદારીઓના ધંધામાં તેજી આવશે, અને પોતાને

ગયેલી આગલી ખોટ નુકશાની સારી રીતે વસુલ થશે. ખાસ કરીને ગવરમેંટ, સ્ટેટ યા મીલીટરીમાં નોકરી ધંધો કરનારાઓને જુલાઇ પછી વધુ પડતો લાભ થશે. જેઓનો જન્મ સવારના ૬ થી ૮ અને સાંજના ૬ થી ૮ માં હશે, તેઓને આ વખતે સોરટી, લોટરી, રેસ, શરત યા શેર સટ્ટાના બીઝનેસમાં અચાનક લાભો સારા થશે. જેઓનો જન્મ બપોરના ૧૨ થી ૨ અને રાતના ૧૨ થી ૨ માં હશે, તેઓને આ વખતે નોકરીમાં યા ઉંચા અને સત્તાધારી ઓધ્ધાની પ્રાપ્તી થશે, અને માન ઇજ્જતનો સારો વધારો થશે. જેઓ ગવરમેંટ સ્ટેટ યા મીલીટરીમાં હશે, તેઓને કંઇ ખેતાબની નવાજેશ થશે. ફક્ત જેઓનો જન્મ ૧૫ ઓગસ્ટથી ૨૨ ઓગસ્ટમાં હશે તેઓનું લગભગ આખું વરસ પૈસા તથા દરેક બાબદે નબળુંજ જશે. ૧૯૪૨ નું સાલ તેઓ માટે ઘણું ઉત્તમ રહેશે.

*   *   *   *   *

૨૩ ઓગસ્ટથી ૨૨ સપટેંબરમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન ઘણા ઉત્તમ જશે. બેકારોને આ વખતે જરૂર કંઇપણ રોજીનું સાંધણ મલી જશે, અને નોકરી કરનારાઓને પગાર યા આવકમાં સારો જેવો વધારો મલશે. અને ધંધાદારીઓ પોતાના ધંધામાં સારૂં પેદા કરશે. ખાસ કરીને જેઓની ઉંમર ૧૭, ૨૧, ૨૪, ૨૮, ૩૩, ૩૬, ૪૦ યા ૪૫ ની હશે, તેઓના ભાગ્યોદયની શરૂઆત આ વરસથી થશે. આ વખતથી તેઓ કોઇપણ એક લાઇન યા ધંધા નોકરીમાં હમેશ માટે ઠર પડી જશે. જેઓનો જન્મ સવારના ૬ થી ૮ બપોરના ૨ થી ૪ અને રાતના ૧૦ થી ૧૨ માં હશે, અને તેઓની ઉમર હાલ ઉપર લખ્યા પ્રમાણેની હશે, તે તેઓને આ વખતે સોરટી લોટરીમાં નસીબ અજમાવી જોવાથી સારો લાભ થશે. શેર સટ્ટો યા બજારનું બીઝનેસ કરનારાઓ, શરૂઆતના ૬ મહિનામાં સારૂં નાણું ભેગુ કરશે. ૨૯ ઓગસ્ટથી ૨૨ સપટેંમબરમાં જે કુંવારી સ્ત્રીઓનો જન્મ થયો હશે, તેઓના લગ્ન જાન્યુઆરીથી જુન સુધીમાં નક્કીપણે થઇ જશે. અને વિવાહીત સ્ત્રીઓને

ધણી તથા સંતાનનું સુખ સારૂં રહેશે. અને પરણેલાઓને ત્યાં આ વરસે સંતાનની વૃધ્ધિ જરૂર થશે. ૨૯ ઓગસ્ટથી ૨૨ સપટેંમબરમાં જન્મનારા વિધ્યાર્થીઓ આ વરસે પરીક્ષામાં ફતેહમંદ થશે. અને જેઓએ આગલ વધીને વિધ્યા લીધી હશે, તેઓને આ વખતે ડીગ્રી યા સ્કોલરશીપ મલશે. ૨૩ ઓગસ્ટથી ૨૨ સપટેંમબરમાં જન્મનારાઓને જુલાઇથી ડીસેંમબર સુધીનો તાઇમ સાધારણ નબળો જશે. જો કે નોકરી ધંધામાં આવક કમાણીના સાંધણો ચાલુ રહેશે, પણ મોટા ખરચોને લીધે પૈસાની અડચણ રહયા કરશે. ખાસ કરીને જેઓનો જન્મ સવારના ૬ થી ૮ બપોરના ૧૨ થી ૨ સાંજના ૬ થી ૮ અને રાતના ૧૦ થી ૨ માં હશે, અને તેઓની ઉંમર હાલ ૩૩, ૪૮, યા ૬૩ ની હશે, તો તેઓ આ વખતે ગમે એટલા પૈસા કમાવા છતા પણ પૈસા હાથમાં ટકશે નહિ. કંઇને કંઇ ખરચ નુકશાની નીકલયાજ કરશે. આ તાઇમમાં જન્મનારાઓને આ વખતે કોઇના વિશ્વાસે ઠગાવાનું થશે, માટે પૈસાની ધીરધાર, લેવડદેવડ યા કોઇના જામીન રહેતા સંભાળવું. બનતાં સુધી આ વરસના પાછલા ૬ મહિનામાં જોખમકારક વહેવારમાં પણ પૈસા રોકવા નહિ.

* * * * *

૨૩ સપટેંમબરથી ૨૨ અકટોબરમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓને આ વરસના શરૂઆતના ૬ મહિના જાન્યુઆરીથી જુન પૈસામાં તથા દરેક બાબદે નબળા જશે. બેકારોને આ વખતે નોકરીના સાંધણો મેળવતા ઘણી મુશાબત પડશે. અને નોકરયાત વર્ગોને નોકરીમાં ઉપરી અમલદારોથી તકલીફ રહેશે. અને ધંધાદારીઓના ધંધામાં મંદી રહી આવક કરતા ખરચ પાસુ વધશે. ઉપલી જન્મ તારીખવાલાઓને શનીના ખરાબ ડાયરેકશનને લીધે ફેબ્રુઆરી ૧૯૩૮ થી જુન ૧૯૪૧ સુધીનો તાઇમ પૈસા તથા દરેક બાબદે ખરાબ રહેશે. ફક્ત જેઓના જન્મના ગ્રહો પૈસામાં સારા હશે તેઓને વધુ નુકશાન થશે નહિ. પણ જેઓના જન્મના ગ્રહો પૈસામાં ખરાબ હશે, તેઓને નોકરી, ધંધા યા પૈસામાં ઘણીજ તંગી યા હાડમારી રહેશે. ઉપલી તારીખોમાં જન્મનારા

ઘણાઓને ૧૯૩૮ થી નોકરી ધંધા વગર બેકાર રહેવું પડશે. અને ધંધાદારીઓના ધંધા બંધ થવાની અણીપર આવશે. ફક્ત જેઓના જન્મના ગ્રહો પૈસામાં બળવાન હશે તેઓનીજ નોકરી યા ધંધો ટગુમગુ ચાલ્યા કરશે ઉપલી તારીખોમાં જન્મનારી વિવાહીત સ્ત્રીઓને ૧૯૩૮ થી જુન ૧૯૪૧ સુધી ધણી તથા ઘર સંસારનું સુખ કમી રહેશે, અથવા પોતાના ખરાબ ગ્રહોની અસર ધણીને નોકરી, ધંધા યા પૈસામાં થશે. ફક્ત જેઓના જન્મ ૨૩ સપટેંમબરથી ૧૫ અકટોબરમાં હશે તેઓનોજ તાઇમ જુલાઇ ૧૯૪૧ પછી સુધરતો જશે. બેકારોને નોકરીના સાંધણો મલી જશે, અને નોકરી કરનારાઓને ઉપરી, અમલદારો તથા છુપા દુશમનોથી થતી હેરાનગતી દુર થઇ શાંતી મલશે. અને નોકરીમાં આગલ વધવાના ચાન્સો મલશે, અને ધંધાદારીઓના ધંધામાં સારો સુધારો થઇ આવકના સાંધણો વધશે. ૨૩ સપટેંમબરથી ૧૫ અકટોબરમાં જે કુંવારી સ્ત્રીઓનો જન્મ હશે, તેઓના હીલમાં પડેલા લગ્ન જુલાઇ ૧૯૪૧ પછી થઇ જશે, અને ધણીની આવક કમાણીમાં વધારો થશે. જેઓનો જન્મ સવારના ૧૦ થી ૧૨ સાંજના ૪ થી ૬ અને રાતના ૮ થી ૧૨ માં હશે, તેઓ જો કે પૈસા કમાશે, પણ પૈસાની કીંમત તેઓ સમજી શકશે નહિ. કંઇક ઉડાઉ અને મુર્ખાઇભર્યા ખરચાઓને લીધે મેળવેલા પૈસાનું નુકશાન કરી બેસસે. ઉપલા તાઇમમાં જન્મનારાઓએ શેર સટ્ટો યા જોખમકારક વહેવારમાં પૈસા રોકવા નહિ. જો કે ગુરૂ સારો હોવાથી શરૂઆતમાં કમાવી આપશે, પણ પાછળથી ગાંઠની મુડી મુકવી પડશે. આ તાઇમમાં જન્મનારાઓએ પોતાના સંતાનની આ વખતે સંભાળ લેવી. જો કે ગુરૂ સારો હોવાથી ધાસ્તી જેવું કંઇ નથી. જેઓનો જન્મ સવારના ૬ થી ૮ બપોરના ૨ થી ૪ સાંજના ૬ થી ૮ અને પાછલી રાતના ૨ થી ૪ માં હશે તેઓ જુલાઇ પછી મગજ પર ઘણો કાબુ રાખવો, અને કંઇપણ ઉછાછલા યા હુલ્લડખોરભર્યા કાર્યોથી દુર રહેવું. આ તાઇમમાં જન્મનારાઓનું મગજ આ વખતે ઘણું તપેલું રહેશે, અને જરાજરામાં ગુસ્સો ઉત્પન્ન થાય એવા બનાવો બનશે. બનતા સુધી આ વખતે સગાં-કુટુંબ, ભાઇ-બહેનો યા આડોશીપાડોશીઓ સાથે મગજ શાંત રાખી વાતચીતનો વહેવાર રાખવો, અને મારામારી તકરારથી દુર રહેવું. આ તાઇમમાં જન્મનારાઓએ મુસાફરી યા રસ્તેવાટે અકસ્માત યા પડવા ખડવાથી સંભાલવું. જો કે ગુરૂ સારો હોવાથી બંચાવ

સારો રહેશે. ફક્ત જેઓનો જન્મ ૧૬ અક્ટોબરથી ૨૨ અક્ટોબરમાં હશે, તેઓનું લગભગ આખું વરસ પૈસા તથા દરેક બાબદે નબળું રહેશે. ૧૯૪૨ નું સાલ તેઓ માટે ઘણું સારૂં જશે.

* * * * *

૨૩ અક્ટોબરથી ૨૧ નવેંબરમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે તેઓનું લગભગ આખું વરસ પૈસા તથા દરેક બાબદે નબળું જશે. જો કે શનીના ખરાબ ડાયરેકશનને લીધે જુન ૧૯૪૦ થીજ ખરાબ તાઇમ રહેશે. આ તારીખોમાં જન્મનારા જો બેકાર હશે, તેઓને લગભગ આખું વરસ નોકરી ધંધાના સાંધણો વગર રહેવું પડશે, અને જેઓ નોકરી કરતા હશે તેઓને નોકરીમાં ઉપરી અમલદારો યા છુપા દુશમનોથી હેરાનગતી ઘણી રહેશે. જેઓના જન્મના ગ્રહો પૈસામાં સારા હશે, તેઓજ નોકરીમાં ટકી રહેશે. ધંધાદારીઓના ધંધામાં ખોટ નુકશાની ચાલુ રહેશે, અને ધંધામા ફાયદો તો બાજુએ રહયો પણ ગાંઠની મુડી ઘસડાતી જશે. ફક્ત જેઓનો જન્મ રાતના ૧૨ થી ૨ માં હશે તેઓનેજ નોકરી ધંધામાં નહિ જેવો ફાયદો જણાશે, પણ જેમ આવક વધશે તેમ ખરચ પણ વધવાથી, પૈસામાં હાથ ખાલીને ખાલીજ રહેશે. આ તારીખોમાં જન્મનારાઓની ઉમર હાલ ૧૫, ૩૦, ૪૫ યા ૬૦ ની હશે, તો તેઓને જુન ૧૯૪૦ થી જુન ૧૯૪૨ સુધીમાં બાપનું સુખ કમી થશે, બાપની માંદગી યા મરણ થાય અથવા બાપની સ્થીતી ખરાબ આવે. જેઓનો જન્મ સવારના ૮ થી ૧૦ અને રાતના ૮ થી ૧૦ માં હશે, તેઓ આ વરસે ઘણા ખરા કરજદારીમાં ડુબેલા રહેશે, અને પૈસાની તંગી અને હાડમારી અતીશય રહેશે. આ તાઇમે જન્મનારાઓએ બનતા સુધી કોર્ટ દરબારના લફરાંમાં પડવું નહિ. જેઓનો જન્મ સવારના ૮ થી ૧૨ બપોરના ૧૨ થી ૪ અને રાતના ૧૨ થી ૨ સુધીમાં હશે, અને તેઓની ઉંમર હાલ ૧૫, ૩૦, ૪૫, ૬૦, ૭૫ યા ૯૦ ની હશે, અને તેઓની દેહ તબયત જુન ૧૯૪૦ થી જુન ૧૯૪૨ સુધી ઘણી નબળી રહેશે. ગળું, છાતી, હાર્ટ ટ્રબલ, ગુરદા, રેતી, પથરી

અથવા શરદીના કારણોથી ઉત્પન્ન થતા દરદોથી વધુ હેરાન થવું પડશે, અને કંઇક નાની-મોટી માંદગીઓ ભોગવવી પડશે. આ તારીખોમાં જન્મનારી વિવાહીત સ્ત્રીઓને જુન ૧૯૪૦ થી જુન ૧૯૪૨ સુધીમાં ધણી યા ઘર સંસારનું સુખ કમી થશે, અથવા પોતાના ખરાબ ગ્રહોની માઠી અસર ધણીને પૈસા તથા તબયતમાં હેરાન કરશે, અને જો તેમ ન બને તો ધણી સાથે મતફેર યા અણબનાવ રહેશે. એટલે કોઇપણ રીતે પરણેલી સ્ત્રીઓને આ વખતે ધણી તથા ઘર સંસારનું સુખ પુરેપુરૂં મલશે નહિ. ફક્ત જેઓનો જન્મ સવારના ૬ થી ૮ માં હશે, તેઓનું સંસારનું ગાડું ઠીક ગબડયા કરશે. આ તારીખોમાં જન્મનારી કુંવારી સ્ત્રીઓના લગ્ન થવામાં વિઘ્નો ઘણા આવશે, અને લગ્ન થતા અટકી પડી એ વરસના લંબાણ ગાલા પર જશે. જેઓના જન્મના ગ્રહો લગ્નના ઘેરમાં ખરાબ હશે, તો લગ્નમાં કંઇ ભંગાણ પડવાનો સંભવ રહેશે. એકંદર રીતે ઉપલી તારીખોમાં જન્મનારાઓની હાલની ચાલતી દશા અને જન્મ ગ્રહો બળવાન હશે, તેઓનુંજ ૧૯૪૧ નું સાલ દરેક બાબદે ઠીક પસાર થશે, અને દરેક રીતે બંચાવ થતો રહેશે. અને જેઓના જન્મના ગ્રહો અને હાલમાં ચાલતી દશા ખરાબ હશે તેઓનું લગભગ આખું વરસ દરેક બાબદે નબળું જશે.

* * * * *

૨૨ નવેંમબરથી ૨૨ ડીસેંમબરમાં જન્મનારાઓનું ૧૯૪૧ નું ભવિષ્ય.

ઉપલી તારીખોમાં જેઓનો જન્મ થયો હશે, તેઓનું લગભગ આખું વરસ પૈસા તથા દરેક બાબદે નબળું જશે. ઉપલી તારીખોમાં જન્મનારાઓની ઉંમર હાલ ૨૮ થી ૩૩, ૪૩ થી ૪૮, ૫૮ થી ૬૩ અને ૭૩ થી ૭૮ ની હશે, તેઓનું આ વરસ પૈસા, તબયત તથા દરેક બાબદે ઘણું નબળું જશે. ઉપલી તારીખ અને ઉંમરવાલાઓ જો હાલ બેકાર હશે તો તેઓને નોકરી યા કમાણીનું સાંધણ મેળવતા મુશીબત પડશે, અને નોકરી કરનારાઓને પગાર આવકમાં કંઇક ઘટાડો થઇ, ઉપરથી ખરચ વધશે, અને ધંધાદારીઓના ધંધામાં ખોટ નુકશાની સીવાય બીજું કાંઇપણ જણાશે નહિ. જેઓનો જન્મ સાંજના ૬ થી ૮ માં હશે, તેઓને પૈસાની તંગી

અને હાડમારી ઘણી રહેશે, વખતે કંઇક કરજદારી પણ કરવી પડશે. ફક્ત જેઓનો જન્મ રાતના ૧૦ થી ૨ સવારના ૪ થી ૧૦ અને બપોરના ૨ થી ૪ માં હશે તેઓનો નોકરી ધંધો ઠીક ચાલ્યા કરશે. તોપણ આવક કમાણી છતા પૈસાની ભીડ હાથમાં રહેશેજ. ઉપલી તારીખોમાં જન્મનારી કુંવારી સ્ત્રીઓના લગ્નમાં ઢીલ અડચણ પડયા કરશે, અને લગ્નની વાત લંબાણ ગાળાપર જશે, અને વિવાહીત સ્ત્રીઓને ધણી તથા ઘર સંસારનું સુખ કમી રહેશે. પોતાના ખરાબ ગ્રહોની અસર ધણીને પૈસા, નોકરી, તબીયત પર થશે. જેઓનો જન્મ સવારના ૮ થી ૧૨ માં હશે, તેઓની તબીયત સાધારણ શરદીના કારણથી નરમ રહેશે. ઉપલી તારીખોમાં જન્મ-નારાઓનો જન્મનો મંગળ બળવાન હશે, તો તેઓને જુલાઇથી ડીસેંમબર સુધીમાં લોખંડ, ધાતુ, ખણીજ પદાર્થ, રંગ, તેલ તથા દરેક કાલી વસ્તુની નોકરી ધંધામાં સારો ફાયદો થશે. જેઓનો જન્મ બપોરના ૧૨ થી ૨ સવારના ૬ થી ૮ સાંજના ૬ થી ૮ અને રાતના ૧૦ થી ૧૨ માં હશે, તેઓને ઉપલી ચીજોના શેર, સટ્ટા યા બીઝનેસમાં વધુ ફાયદો થશે, પણ જો વધુ કમાવાનો લોભ કર્યો તો કંઇક નુકશાની પણ થશે. જેઓનો જન્મ રાતના ૮ થી ૧૦ અને બપોરના ૧૨ થી ૨ માં હશે, તેઓને જુલાઇ પછી ગવરમેંટ, સ્ટેટ યા મીલીટરીની નોકરી ધંધામાં સારો ફાયદો થશે. એકંદર રીતે જેઓના જન્મના ગ્રહો અને હાલમાં ચાલતી દશા સારી હશે તેઓનેજ આ વરસે નોકરી, ધંધા તથા પૈસામાં વધુ પડતો લાભ થશે. બાકીનાઓનું આખું વરસ દરેક બાબદે નબળું રહેશે.

* * * * *

૧૯૪૧ ના સાલમાં લડાઇ પર ગ્રહોની થનારી અસર.

તા. ૩૧ ડીસેંમબર ૧૯૪૦ રાતના ૧૨ (ગ્રીનવીચ મીન તાઇમ) પછી ખ્રીસ્તી ૧૯૪૦ સાલ પુરૂં થઇ ૧૯૪૧ ના સાલનો પ્રવેશ થાય છે. આ તાઇમની કુંડળી જોતા સાયન તુલા રાશી લગ્ને રાહુ અને નેપચ્યુન સાથે ઉદય થઇ છે. લગ્નનો માલીક શુક્ર, ચંદ્રના સેક્ષતાઇલ યોગમાં છે, જેથી ફેબ્રુઆરી માસમાં સુલેહની મોટી ચળવળો ચાલી રહેશે. આજ માસમાં તા. ૧૫ ફેબ્રુઆરીએ બે મોટા ગ્રહો શની, ગુરૂનું કંજંકશન થશે. આ કંજંકશન હીટલરની જન્મ કુંડળીમાં ચંદ્ર, ગુરૂના ત્રીકોણમાં થશે, એટલે સુલેહની ચળવળ હીટલર તરફથી થશે. સ્ટેલીનની કુંડળીમાં આ કંજંકશન ગુરૂના સેક્ષતાઇલ અને હરસળના ત્રીકોણમાં થશે, એટલે સ્ટેલીનની પણ આ સુલેહની ચળવળમાં કંઇક ભાગ લેશે. રૂઝવેલ્ટની કુંડળીમાં આ કંજંકશન નવમાં સ્થાનમાં રહેલા શની પર પડશે, એટલે રૂઝવેલ્ટ આ સુલેહમાં કંઇક કડક માંગણીઓ કરશે. ચરચીલની કુંડળીમાં આ કંજંકશન શનીના સ્કેવરમાં થશે, એટલે ચરચીલ આ સુલેહની ચળવળમાં વીરોધ ઉત્પન્ન કરશે. કારણ કે ચરચીલના ગ્રહો હાલ યુરોપના કોઇપણ રાજદ્વારી પુરૂષો કરતા તદન જુદા છે. ચરચીલનો જન્મનો મંગળ અને હાલ મંગળનું ડાયરેકશન એટલું તો પાવરફુળ છે, કે લડાઇ, અને લડાઇ સીવાય બીજો ખ્યાલ પણ એને આવી શકશે નહિ, એટલે ચરચીલના ગ્રહો જોતા આ સુલેહની ચળવળ લાંબો વખત ટકી શકે એમ નથી. બીજું આ વર્ષ કુંડળીમાં મંગળ, ચંદ્ર અને હરસળના સ્કેવર ઓપોઝીશનમાં છે. અને ત્રીજું જુલાઇ ૧૯૪૧ થી જાન્યુઆરી ૧૯૪૨ લગભગ ૬ મહિના સુધી મંગળ મેષ રાશીમાં વૃક્રી માર્ગી થઇ રહેશે. આ મેષ રાશીનો મંગળ લડાઇ પર મોટી જાણવા જોગ અસર દેખાડશે. આ મેષ રાશીનો મંગળ જુલાઇ ૧૯૪૧ પછી લડાઇથી અલગ રહેલા બીજા દેશોને પણ લડાઇમાં હોમાવશે. ચીન અને જાપાન તુલા રાશીમાં આવેલા છે. એ દેશોની રાશીથી

મેષનો મંગળ સાતમે રહેશે, એટલે જુલાઇ ૧૯૪૧ થી ચીન, જાપાન વચ્ચે મોટું યુદ્ધ થશે. જાપાનને જુલાઇ ૧૯૪૧ થી યુરોપની લડાઇમાં પડવાનો સંભવ છે. આજ તાઇમે અમેરીકાને પણ લડાઇમાં પડવાનો સંભવ છે. અમેરીકાની રાશી મીથુંન છે. એ રાશીમાં ઓગસ્ટ ૧૯૪૧ થી યુરેનસ દાખલ થશે. અમેરીકાની મીથુંન રાશી, એજ રૂઝવૅલ્ટનું દશમું સ્થાન (Meridian) હોવાથી ૧૯૪૧ ના ઓગસ્ટથી અકટોબર સુધીમાં અમેરીકાને યુરોપની લડાઇમાં પડવું પડશે. જો કે અકટોબર પછી હરસળ વક્રી થઇ અમેરીકાની રાશી પાછી છોડી જતો હોવાથી ઓગસ્ટથી અકટોબર સુધીમાંજ અમેરીકાને લડાઇમાં પડવાનો ચાન્સ રહેશે. જો ઉપલા Period માં અમેરીકા કદાચ લડાઇથી બચી જાય, તો જુન ૧૯૪૨ પછી અમેરીકાને લડાઇથી બચવું મુશ્કેલ થઇ પડશે. કારણ કે જુન ૧૯૪૨ પછી હરસળ, શની બંને મીથુંન રાશીમાં દાખલ થતા હોવાથી, અને ઓગસ્ટ ૧૯૪૩ થી એપ્રીલ ૧૯૪૪ સુધી મંગળ પણ મીથુંન રાશીમાં લગભગ ૮ મહિના સુધી રહેતો હોવાથી, એટલે અમેરીકાની મીથુંન રાશીમાં ત્રણ મોટા પાપ ગ્રહો હરસળ, શની અને મંગળનું જોડાણ થવાથી અમેરીકાને જુન ૧૯૪૨ પછી યુરોપની લડાઇમાં જરૂર પડવું પડશે. રૂઝવૅલ્ટની મીથુંન રાશી Meridian પર હોવાથી, ઉપલા ત્રણે પાપ ગ્રહો રૂઝવૅલ્ટના દશમાં સ્થાનમાં ભેગા થશે. એટલે ઓગસ્ટ ૧૯૪૩ થી એપ્રીલ ૧૯૪૪ સુધીમાં રૂઝવૅલ્ટને મોટા રાજદ્વારી ક્રાઇસીસમાંથી પસાર થવું પડશે. ઉપલો યોગ જોતા હાલની લડાઇ એપ્રીલ ૧૯૪૪ સુધી ચાલશે, અને અમેરીકાને આ લડાઇના છેવટ સુધી લડવું પડશે. સ્ટૅલીન જે હાલ ભેદી રીતે ચુપ બેઠો છે, તે ૧૯૪૧ માં કંઇ નવુંજુનું કરી બતાવે એમ દેખાય છે. એપ્રીલ ૧૯૪૧ પછી સ્ટૅલીનની કુંડળીમાં શની એના જન્મના મંગળ પરથી પસાર થશે, અને જુલાઇ ૧૯૪૧ થી જાન્યુઆરી ૧૯૪૨ સુધી મંગળ વક્રી માર્ગી થઇ એના જન્મના શની પરથી પસાર થશે. એટલે એપ્રીલ ૧૯૪૧ પછીથી રશીયાને યુરોપની લડાઇમાં પડવું પડશે. સ્ટૅલીન કોણુની પક્ષ લેશે તે એપ્રીલ ૧૯૪૧ પછી દુન્યાને માલમ પડી જશે. ગુરૂ "ડેમોક્રેસી" ગ્રહ છે, અને શની "ઓટોક્રેસી" ગ્રહ છે. સ્ટૅલીનનો લગ્નનો માલીક મંગળ જન્મ કુંડળીમાં ગુરૂના સેક્ષતાઇલ યોગમાં છે, એટલે જન્મનો યોગ જોતા સ્ટૅલીન "ડેમોક્રેસી"ની સાઇડ પર વધુ રહી શકે એમ છે. પણ હાલ આપણે સ્ટૅલીનને "ઓટોક્રેસી"ની

સાઇડ પર વધુ ઢલતો જોઇએ છીએ, તેનું કારણ જુદુ છે. કારણ કે જન્મ કુંડળીમાં ગ્રહો જો ઘણા પણ સારા પડયા હોય, પણ હાલમાં ચાલતું ડાયરેકશન જો ખરાબ થયું હોય, તો જન્મના સારા યોગનું ફળ મટાડી, ખરાબ યોગનું ફળ આપશે. હાલ સ્ટૅલીનનો પ્રોગ્રેસ મંગળ, શનીને સેક્ષતાઇલ યોગ અને ગુરૂને સ્કેવર યોગ કરે છે. આજ ડાયરેકશનથી સ્ટૅલીન "ડેમોક્રેસી"ની વિરૂદ્ધ જઇ ૧૯૩૯ માં રૂશો, જર્મન પેકત કરી દુન્યાને અજાયબીનો આંચકો આપ્યો હતો. જો કે જન્મ કુંડળીમાં મંગળ, ગુરૂના સેક્ષતાઇલ યોગની અસર હજી જેવીને તેવીજ છે. કારણ કે ગુરૂ, મંગળના અંશની પાછળ રહી સેક્ષતાઇલ યોગ કરતો હોવાથી, ગુરૂ પ્રોગ્રેસ થઇ મંગળને હાલમાં પણ સેક્ષતાઇલ યોગની અસર ચાલુ રાખે છે. પણ સ્ટૅલીનનો હરસળ દશમે હોવાથી, હરસલના ગુણ પ્રમાણે સ્ટૅલીનની રાજનીતી અચોક્કસ રહેશે. એટલે સ્ટૅલીન કઇ વખતે કોણની પક્ષ લેશે એ નક્કી પણે જણાવી શકાય નહિ. સ્ટૅલીને પોતાની સરજત કયાં ઘડવી એ ખુદ એના પોતાના હાથમાંજ રહેશે. કારણ કે સ્ટૅલીનનો ગુરૂ મીન રાશીનો બળવાન હોવાથી, સ્ટૅલીન જો "ડેમોક્રેસી"ની પક્ષ લેશે, તો તે રશીયાને વધુ બળવાન બનાવી શકશે. અને શની મેષ રાશીનો નીચનો હોવાથી, જો ડીકટેટરોનો પક્ષ લેશે, તો તે પોતાના દેશને નાશના પંથે મુકશે. તે ગમે તે હોય પણ સ્ટૅલીન પોતાની રાજનીતી કેવી છે, તે એપ્રીલ ૧૯૪૧ પછી જાહેર કરી, દુન્યાના લોકની અધીરાઇનો અંત લાવી દેશે. જેવો યોગ સ્ટૅલીનને થયો છે તેવોજ યોગ મુસોલીનીને પણ થયો છે. મુસોલીનીના લગ્નના માલીક મંગળને, શની પ્રોગ્રેસ થઇ કંજંકશન કરે છે, અને મંગળ પ્રોગ્રેસ થઇ જન્મના ગુરૂને કંજંકશન કરે છે. અને મુસોલીનીનો હરસળ પણ દશમે હોવાથી, હરસળના અચોક્કસ ગુણ પ્રમાણે મુસોલીની "ડેમોક્રેસી" અને "ઓટોક્રેસી" વચ્ચે ડોળા ખાતાં પોતાની સરજત ડીકટેટરોની પક્ષમાં જોડી, અને "ડેમોક્રેસી" વિરૂદ્ધ લડાઇ જાહેર કરી હાલ કેવો નતીજો ભોગવી રહ્યો છે, તે દુન્યાના લોકો જોઇ રહ્યા છે. કારણ કે મેં મારા ૧૯૪૦ ના વર્તારામાં જાહેર કર્યું હતું કે મુસોલીનીના લડાયક ગ્રહો છેજ નહિ. કારણ કે મુસોલીનીનો પ્રોગ્રેસ મંગળ હાલ કર્ક રાશીમાં નીચનો હોવાથી, અને એજ રાશીમાં ગુરૂ ઉંચનો હોવાથી, મુસોલીની લડાઇ કરતા સુલેહ Peace થી વધુ પોતાના દેશનો બંચાવ કરી શકશે. અને મુસોલીનીનો "ડેમોક્રેસી" ગ્રહ ગુરૂ બળવાન

થઇ શુક્રના કંજંકશનમાં હોવાથી, મુસોલીનીને "ડેમોક્રેસી"ની પક્ષમાં આવીને બ્રીટન સાથે સુલેહ કરવીજ પડશે. ૧૯૪૧ ના એપ્રીલથી જુન સુધીમાં મુસોલીનીને સુલેહ Peace કરવાના ચાન્સો સારા છે. આ તક જો મુસોલીની ચુકશે તો જુન ૧૯૪૧ થી માર્ચ ૧૯૪૨ સુધીમાં ઇટાલીયન નેવીનું "મેડીટેરીયન"માં નામ નીશાન વટીક રહેશે નહી. કારણ કે નેપચ્યુન નેવી પર અમલ કરે છે. મુસોલીનીનો નેપચ્યુન વૃષભ રાશીમાં ૨૧ અંશનો છે. જુન ૧૯૪૧ થી માર્ચ ૧૯૪૨ સુધી શની વૃક્રી માર્ગી થઇ એના જન્મના નેપચ્યુના કંજંકશનમાંથી પસાર થશે. આ શની, નેપચ્યુન કંજંકશનની અસર ઇટાલીયન નેવી પર ઘણી મોટી થશે. ઇટાલીયન નેવીનો સંપૂર્ણ નાશ થાય યાતો બ્રીટનના કબજામાં આવી જાય એમ છે. ઉપલા Period માં "મેડીટેરીયન"માં મોટી Naval battle થવાનો સંભવ છે. આ Naval battle માં બ્રીટનની મોટી જીત થશે. કારણ કે ઉપલા તાઇમે કીંગ જ્યોર્જ છઠ્ઠાના મીટ્ઠુંન રાશીના ૧૭ અંશમાં રહેલા નેપચ્યુન પરથી ગુરૂ વૃક્રી માર્ગી થઇ પસાર થશે.

હાલ દરેક જણુ જોતીષોને એકજ સવાલ પુછી રહ્યા છે, કે આખરી જીત હીટલરની થશે કે બ્રીટનની. આખરી જીત હીટલરની કદીપણુ થશે નહિ. કારણુ કે જોતિષ શાસ્ત્ર પ્રમાણે એના એક નહિ પણુ ઘણા કારણો છે. હીટલરનો શની દશમે છે, અને કીંગ જ્યોર્જ છઠ્ઠાનો ગુરૂ દશમે છે. હાલ આ બંને ગ્રહોનુ ત્રણુ વખત કંજંકશન ચાલે છે. હાલ શની, ગુરૂની આગળ હોવાથી, ડીકટેટરો વધુ ફાવી જાય છે. જ્યારે ગુરૂ ૧૫ ફેબ્રુઆરીએ શનીને છેલ્લું કંજંકશન કરી, શનીની આગળ નીકળી જશે. ત્યારથી આ લડાઇનું પાસું "ડેમોક્રેસી"ની તરફેણુમાં આવશે, અને ડીકટેટરોનું જોર નબળું પડશે. દાખલા તરીકે ૮ ઓગસ્ટ ૧૯૪૦ સુધી શની, ગુરૂની આગળ હોવાથી ડીકટેટરો અને ખાસ કરીને હીટલર જીત પર હતો. કારણુ કે હીટલરનો શની દશમે છે. ૮ ઓગસ્ટ ૧૯૪૦ એ જ્યારે હીટલરે બ્રીટન પર Air Raid કીધો, તેજ દિવસે બ્રીટનના સારા નસીબે ગુરૂ, શનીને કંજંકશન કરી શનીની આગળ નીકળી ગયો હતો. અને ગુરૂ, કીંગ જ્યોર્જ છઠ્ઠાની કુંડળીમાં દશમે હોવાથી, બ્રીટનની "ડેમોક્રેસી" ટકી રહી હતી. હીટલરનું "Blitzkrieg" બ્રીટન પર ફેલ ગયું, અને ૧૫ ઓગસ્ટ

સુધીમાં આખરી જીત મેળવવાના હીટલર પ્લાનો જે ઉંધા વળી ગયા તેનું કારણ ફક્ત આજ છે કે "ડેમોક્રેસી" ગ્રહ ગુરૂ તે વખતે શનીની આગળ હતો. અહીં હીટલરના જોતિષ સલાહકારોએ ૮ ઓગસ્ટએ બ્રીટન પર હુમલો કરવાનો તાઇમ આપવામાં ઠાપ ખાધી હોય એમ જણાવે છે. જો કે હીટલરના જોતિષ સલાહકારોએ મે ૧૯૪૦ માં યુરોપ પર mass attack કરવાનો આબાદ તાઇમ આપ્યો હતો. મેં મારા ૧૯૪૦ ના વર્તારામાં હીટલરની કુંડળીનું વિવેચન કરતા જણાવ્યું હતું કે હીટલરની કુંડળીમાં એક બળવાન રાજ યોગ થયો છે. ચંદ્ર ગુરૂનું કંજંકશન અને તેના દશમાના માલીક રવી સાથનો ત્રીકોણ યોગ, જ્યારે ગુરૂ ત્રાનઝીનથી વૃષભ, કન્યા અને મકર રાશીમાંથી પસાર થાય છે, ત્યારે હીટલરને આ રાજ યોગનું ફળ ઘણું ઉત્તમ મળે છે. મે ૧૯૪૦ માં ગુરૂ, હીટલરના વૃષભ રાશીમાં રહેલા રવીના કંજંકશન અને ચંદ્રના ત્રીકોણમાંથી પસાર થવાથી હીટલર ઉપલા તાઇમે ઝડપથી જીત મેળવતો ગયો. આ યોગ હીટલરની કુંડળીમાં પાછો ૪ વરસે થશે. એટલે હીટલર ૧૫ ઓગસ્ટ સુધીમાં ઝડપથી જીત મેળવવાનો ચાન્સ ચુકી ગયો છે. કહેવત છે કે જે "અણી ચુકયો તે ભવ ચુકયો". તેમ બીજાં ૪ વરસ આવતા હીટલરના ડાયરેકશનસો ઓરબી વધુ ખરાબ થતા જશે, અને કદાચ મોત પણ આવીને ઉભું રહેશે. આ વાત હીટલરના જોતિષ સલાહકારો અને ખુદ હીટલર પોતે સારી રવેશે સમજે છે. કારણ કે હીટલરની કુંડળીમાં સૌથી વધુ ખરાબ યોગ શુક્ર, શનીનો થયો છે. હીટલરનો શુક્ર જન્મ કુંડળીમાં શનીના સ્કેવરમાં છે. અને શની, શુક્રના અંશ પાછળ રહીને સ્કેવર યોગ કરતો હોવાથી, આ શુક્ર, શનીનો ખરાબ યોગ હીટલરની જીંદગી સુધી કાયમ રહેશે. શુક્ર, શનીના ખરાબ યોગવાલા માણસો અપયશ પામે છે. તેઓના ધારેલા કામો ઢીલમાં અને વિલંબ પડે છે. અને પોતાની ધારેલી ઇચ્છા ફળીભુત કર્યા વગર નીરાશી અને નાશીપાશીમાં મરણ પામે છે. આ યોગ નેપોલ્યન બોનાપાર્ટને થયો હતો. નેપોલ્યનનો શુક્ર, શની એકજ રાશીમાં હતો, પણ શુક્ર, શનીથી ૧૯ અંશ પાછળ હતો. જે તાઇમે નેપોલ્યન લડાઇમાં પડયો, તેની ત્રણ વરસ આગળ શુક્ર જન્મના શનીને કંજંકશન કરી આગળ નીકળી જવાને બદલે વક્રી થઇ પાછળ હડવાની, શુક્ર, શનીના કંજંકશનની અસર નેપોલ્યનના "મેરીડીયન" પર કાયમ રહેવાથી, નેપોલ્યન પોતાની


ધારેલી ઇચ્છા ફળીભુત કરી શક્યો નહિ. હાલની લડાઇ વિમાનીક લડાઇ છે. અને હરસળ ગ્રહ Aviation પર અમલ કરતો હોવાથી, જે કોઇ રાજાઓ, પ્રધાનો, પ્રેસીડન્ટો અને ડીકટેટરોની કુંડળીમાં હરસળ જન્મે યા ડાયરેકશનમાં શની, મંગળ, ગુરૂ અને શુક્રના શુભ યોગમાં હશે, તે દેશો હાલની વિમાનીક લડાઇમાં આખરી વિજયવંત થશે. ફક્ત ચરચીલ સીવાય, એકજ ગ્રહનો આવો સામતો યોગ યુરોપના કોઇપણ રાજદ્વારી પુરૂષોની કુંડળીમાં થયો નથી. ચરચીલની કુંડળીમાં એકએક એવા ગ્રહ યોગો થયા છે, કે જેવા યોગો હાલ સત્તા પર રહેલા યુરોપના કોઇપણ રાજદ્વારી પુરૂષોની કુંડળીમાં ભાગ્યેજ જોવામાં આવશે. વીનસ્ટન ચરચીલનો જન્મ ૩૦–૧૧–૧૮૭૪, સવારના ૬–૪૫ એ વૃશ્ચિક રાશીના ૨૬ અંશે થયો છે. વૃશ્ચિકના ૨૬ અંશે જન્મનારાઓના ગુણ દોષો કેવા હોય છે તે "શારૂબલ" નીચે પ્રમાણે જણાવે છે.

m 26° A man swimming in an angry sea. It denotes a person resolute and brave nature, reckless of danger and disposed to take great risks upon himself for the benefit of others. He will have a troublesome life, with many changes of fortune, and more than a usual amount of buffeting by the waves of adversity, yet he will endure, and in spite of his disposition to help others at his own disadvantages he will meet with recognition, and even honour, as the leader of forlorn hope. It is a degree of **Sacrifice**.

ઉપલી ડીગ્રીના લખાણથી વાંચનાર જોઇ શકશે કે ફક્ત ચરચીલના ગ્રહોથીજ બ્રીટન આજે ટકી રહ્યું છે. કારણ કે ચરચીલનો (War lord) મંગળ જન્મ કુંડળીમાં ૭ ગ્રહો સાથે એકકી સામતો શુભ યોગ કરે છે. મંગળ, ગુરૂ કંજંકશન, મંગળ, હરસળ સેક્ષતાઇલ યોગ, મંગળ, શની ત્રીકોણ યોગ, મંગળ, રવી સેક્ષતાઇલ યોગ, મંગળ, ચંદ્ર, સેક્ષતાઇલ યોગ અને મંગળ, શુક્ર સેક્ષતાઇલ યોગ. ઉપલા બળવાન મંગળના યોગથીજ બ્રીટન આજે ઝડપથી લડાઇની સામગ્રીમાં મજબુત બનતું જાય છે. અને


૧૯૪૧ આવતા બ્રીટન એટલું બધું બળવાન બની જશે, કે તે તાઇમે બ્રીટન Defensive કરતા Offensive વધુ બનશે. જેમ શુક્ર, શનીનો યોગ અપયશ આપે છે, તેમ ગુરૂ શુક્રનો શુભ યોગ માણસને યશવંતો બનાવે છે, અને તેઓ પોતાનું ધાર્યું કામ વગર અડચણે અને સહેલાઇથી કરી શકે છે. ચરચીલનો ગુરૂ, શુક્ર સંક્ષતાઃઇલ યોગમાં, અને ગુરૂ, શુક્ર એકમેકની રાશી (mutual reception)માં છે. ચરચીલનો આ યોગ બ્રીટનને આખરે વિજય અપાવશે. મેં આગળ જણાવ્યું તેમ આ લડાઇ હરસળના ગ્રહની હોવાથી જેનો હરસળ, મંગળ, ગુરૂ અને શુક્ર એકમેકના શુભ યોગમાં હશે તેઓજ આ લડાઇમાં આખરી જીત મેળવશે. ચરચીલની કુંડળીમાં ઉપલા બધા યોગો જણાય છે. ઉપલા બધા સામતા યોગો હીટલર, સ્ટૅલીન અને મુસાલીનીની કુંડળીમાં નથી. ફક્ત હીટલરનો પ્રોગ્રેસ મંગળ, હાલ હરસળના ત્રીકોણમાં છે. આજે જર્મન Air force આટલો બળવાન બન્યો છે, તે ફક્ત હીટલરના મંગળ, હરસળના ત્રીકોણ યોગનેજ આભારી છે. પણ હીટલરનો ગુરૂ, હરસળ મંગળના શુભ યોગમાં નહિ હોવાથી, હીટલરને હવાઇ લડાઇમાં આખરી જીત મળશે નહિ. કારણ કે જર્મન Air force પર હીટલર કરતા ગોઅરીંગના ગ્રહો વધુ ખરાબ અસર કરનારા છે.

વીનસ્ટન ચરચીલ.



મારશલ ગોઅરીંગનો જન્મ ૧૨-૧-૧૮૯૩ લગભગ સવારના ૪ કલાકે ઓસ્ત્રીયા શહેરમાં થયો છે. આ કુંડળીમાં મંગળ, શનીના ઓપોઝીશનમાં છે. અને શની ડાયરેકશનમાં વક્રી થઇ હાલમાં મંગળને પુરેપુરૂં ઓપોઝીશનમાં કરે છે. અને મંગળ, શની બંને રાશી બળવાન છે. આજે જર્મની દેશને લડાઇની ખુવારીમાં ઉતારવા માટે હીટલર કરતા ગોઅરીંગના ગ્રહોનો વધુ ફાળો છે. મંગળ, ગુરૂના કંજંકશનમાં હોવાથી, અને મંગળ, હરસળ, શની પોતાની ઉંચ રાશીના હોવાથીજ આજે જર્મની લડાઇની સામગ્રી અને ખાસ કરીને વિમાન બનાવવાની સંખ્યામાં ઉંચ ટોંચે પુગ્યું છે. આ બધું છતાં હરસળ, ગુરૂના શુભ યોગમાં નહિ હોવાથી ગોઅરીંગ હવાઇ લડાઇમાં આખરી જીત મેળવશે નહિ. ઉલતું ગોઅરીંગનો પ્રોગ્રેસ મંગળ, હાલ હરસળના ઓપોઝીશનમાં હોવાથી, આ મંગળ, હરસળના ઓપોઝીશનની અસર જર્મનીના Air force પર ઘણી ખરાબ થશે. ગોઅરીંગના દેહનો માલીક મંગળ, જન્મના હરસળ, શનીની પાપ દ્રષ્ટિમાં હોવાથી, જુન ૧૯૪૧ થી જાન્યુઆરી ૧૯૪૨ સુધીમાં ગોઅરીંગને અકસ્માત, ઉંચેથી પડવાથી યા ઘાયલ થવાથી સંભાળવાનું રહેશે. જો કે ગુરૂ સારો હોવાથી આવરદાને નુકશાન નથી.

હરમન ગોઅરીંગ.



જુન ૧૯૪૧ થી જાન્યુઆરી ૧૯૪૨ સુધી મેષ રાશીમાં રહેતો મંગળ, લડાઇ પર મોટી અસર કરશે. આ મેષ રાશીનો મંગળ, ચરચીલની કુંડળીમાં ૬ ગ્રહો સાથે સામતો શુભ યોગ કરશે, આ વખતે બ્રીટન બીજા દેશો પર હુમલો કરવાની સ્થીતી જેટલું બળવાન બનશે. ઇંગ્લાંડ અને જર્મની આ બંને દેશો મેષ રાશીમાં હોવાથી, જુન ૧૯૪૧ થી જર્મની અથવા ઇંગ્લાંડની ભૂમી પર મોટી ખુનખાર લડાઇ થશે, પણ ઇંગ્લાંડની ભૂમી પર લડાઇ થવાના ચાન્સ ઓછા છે. કારણ કે ઇંગ્લાંડ મેષ રાશીમાં છે, પણ ઇંગ્લાંડનું મુખ્ય શહેર લંડન મીથુંન રાશીમાં છે, જુન ૧૯૪૧ થી ગુરૂનું મીથુંન રાશીમાં દાખલ થવાથી આ લડાઇનું પાસું ઇંગ્લાંડની ભૂમી પરથી નીકલી બીજી બાજુ ફરશે. એટલે ઉપલા તાઇમે જર્મનીની ભૂમી પર લડાઇ થવાના વધુ સંભવો છે. કારણ કે આ મેષનો મંગળ હીટલરના જન્મના હરસળના ઓપોઝીશનમાં અને ગોઅરીંગના જન્મના શનીના ઓપોઝીશનમાં રહેશે. એટલે જુન ૧૯૪૧ થી જાન્યુઆરી ૧૯૪૨ સુધીમાં જર્મનીના Air force ને બહુ મોટો ફટકો પડશે. લડાઇની સામગ્રીના કારખાનાઓ તથા વિમાન બનાવવાના કારખાનાઓને ભારે ખુવારી તથા નુકશાન થશે. જો આ ખુવારી બોંબથી નહિ થાય તો કદાચ ધરતીકંપથી થશે. કારણ કે જર્મનીના ઘણા ખરા દેશો મેષ રાશીમાં આવેલા છે. એટલે આ મેષનો મંગળ, જર્મની પર કંઇપણ રીતે ખુવારી કર્યા વગર જશે નહિ. જો કદાચ હીટલર જુન ૧૯૪૧ પછી sea invasion કરી ઇંગ્લાંડ પર હુમલો કરવાની કોશેશ કરશે, તો તેને મોટી ખુવારી સાથે પાછું હઠવું પડશે. કારણ કે જુન ૧૯૪૧ પછી મીથુંન રાશીનો ગુરૂ કીંગ જ્યોજ છઠ્ઠાના જન્મના નેપચ્યુનના કંજંકશનમાંથી અને ચરચીલ અને એ. વી. એલેકઝાંન્ડ્રાના જન્મના નેપચ્યુનના સેક્ષ્તાઇલ યોગમાંથી પસાર થશે. એટલે જુન ૧૯૪૧ થી જુન ૧૯૪૨ સુધી બ્રીટન Naval battle માં મોટી જીત મેળવતું જશે. જો ખુદ બ્રીટન આ વખતે sea invasion કરશે, તો તેમાં તે ઘણું ફાવશે. અને જુન ૧૯૪૧ થી બ્રીટનના દરિયાઇ બ્લોકેડની અસર વધુ મજબુત થશે.

કોઇપણ સંજોગોમાં ઘરાકોને સાંજના ૫ પછી મુલાકાત થઇ શકશે નહિ.

૧૯૪૧ ના સાલમાં બનનારા અગત્યના બનાવો.

શ્રી

જાન્યુઆરી.

આ મહિને સ્પેનને લડાઇમાં પડવાના અને જીબ્રાલટર પર હુમલો થવાના ભણકારા સમજાશે. બ્રીટનને ઓસટ્રેલીયા તરફથી વિમાન તથા બીજી વધુ મદદો મલતી રહેશે. અને ઓસટ્રેલીયા પોતાના દેશના બચાવ માટે વધુ તૈયારીઓ કરશે. હંગરીમાં નાઝી વિરૂદ્ધ પ્રચાર કામ શરૂ થશે. આ મહિને અમેરીકાનો પરદેશ સાથનો સંબંધ તંગ બનશે. અને અમેરીકાને કોઇ સાથે અથડામણમાં આવવું પડશે. પણ અમેરીકા લડાઇથી હજી દુર રહેશે. આ મહિને બ્રીટન અને જર્મન નેવીની દરિયામાં અથડામણ થશે. આ મહિને હીંદુસ્તાનમાં સત્યાગ્રહનું જોર વધુ રહેશે, અને મોટી સંખ્યામાં લીડરો જેલમાં જશે.

ફેબ્રુઆરી.

તા. ૧૫ ફેબ્રુઆરીએ ગુરૂ, શનીને છેલ્લું કંજંકશન કરી આગળ નીકળી જશે. આ તાઇમથી લડાઇનું પાસું "ડેમોક્રેસી" દેશની તરફણમાં આવશે. આ મહિને હીટલર સુલેહ માટે ભાષણ આપશે. જેમાં સ્ટેલીન અને મુસોલીની પણ ભાગ લેશે. આ મહિને યુરોપના બધા રાજદ્વારી નરો ભાષણથીજ હારમાળા ચલાવશે. જેમાં ચરચીલનું ભાષણ ઘણું કડક રહેશે. આ મહિને લડાઇનું જોર નરમ રહેશે. આ મહિને એશીયા ખંડમાં મોટો ધરતીકંપ થશે. અને બીજા કંઇક કુદરતી નુકશાન કરનારા બનાવ બનશે.

માર્ચ.

આ મહિને જાપાનની વધુ લડાયક તૈયારીઓ જાહેરમાં આવશે. બ્રીટનને આ મહિને અમેરીકા તરફથી મોટી સંખ્યામાં વિમાન તથા લડાયક સામગ્રીની

મદદો મળશે. જેમાં ખુદ બ્રીટનને પોતાના ડોમીનીયન તરફની મદદ વધુ મળશે. આ મહિને વિમાનીક લડાઇનું જોર વધુ રહેશે. આ મહિને સત્યાગ્રહની ચળવળથી હીંદુસ્તાનનો મામલો વધુ તંગ પડશે, અને હીંદુસ્તાનના કોઇ ભાગોમાંથી કોમી હુલ્લડના ભણકારા સમજાશે. તા. ૨૮ માર્ચે થનારૂં સાયન મેષ રાશીનું સૂર્ય ગ્રહણ, "cardinal and Fiery sign"માં થતું હોવાથી, આ ગ્રહણની અસર ઘણી ઝડપથી રહેશે. રાજદ્વારી બાબદમાં કંઇક ઉથલપાથલ યા ફેરફાર થનારા બનાવો બનશે. અને દુન્યાને કંઇક અજાયબીનો આંચકો આપે એવા સમાચારો સમજાશે. આ ગ્રહણની અસર લડાઇ પર વધુ ખરાબ રહેશે, અને ખુવારીનો આંકડો વધુ સમજાશે. આ મહિને યુરોપના કોઇ રાજાનું અથવા કોઇ મોટા રાજદ્વારી પુરૂષનું મરણ થશે. આ મહિને હીંદુસ્તાન પર ભારી કરોના બોજા પડશે. આ ગ્રહણ ગાંધીના બારમાં સ્થાનમાં રહેલા જન્મના રવીના ઓપોઝીશનમાં થતું હોવાથી, આ મહિને ગાંધી માટે જેલમાં જવાના સંજોગો ઉભા થશે.

એપ્રીલ.

આ મહિને વિમાનીક હુમલાથી ઘણી ખુવારી થશે. તેમ વિમાનોની સંખ્યામાં પણ મોટા પ્રમાણમાં ખુવારી થશે. ફ્રાન્સ, ઇટલી, એબીસીનીયા, પ્રાગ, રોમ, ડોવર તથા હેમબર્ગ અને બ્રેમન પર વિમાનીક હુમલાઓ ઘણા થશે. ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે આ મહિને ઘણું તંગ વાતાવરણ ઉત્પન્ન થશે. આ મહિને રશીયા કંઇક વધુ લડાયક તૈયારીઓ કરશે. આ મહિને બ્રીટનની જીતના સમાચારો વધુ સમજાશે. આ મહિને હીટલરને મોટી નાસીપાસી મલશે. અથવા એના પર કંઇક ખુની હુમલો યા અકસ્માત થશે. આ મહિને જર્મનીને લડાઇમાં મોટો ફટકો પડશે.

મે.

આ મહિને "મેડીટેરીયન"માં મોટી Naval battle થશે. જેમાં ઇટાલ્યન અને જર્મન નેવીને મોટું નુકશાન પુગશે. આ મહિનાની ૨૬ થી ૩૧ તારીખ સુધીમાં જર્મન યુ બોટો દરિયામાં મોટા વિગ્રહો જગાડશે. આ મહિને પાર્લામેંટના કોઇ પ્રધાનોની ફેરબદલી યા રાજીનામાં અપાશે.

આ મહિને ૬ ગ્રહો વૃષભ રાશીમાં રહેવાથી આ ગ્રહો "Earthly sign and Fixed sign"માં હોવાથી, ઉપલા ૬ ગ્રહોને મંગળ, કુંભ રાશીમાંથી સ્કેવર યોગ કરતો હોવાથી, ફ્રાન્સ, ઇટાલી, બોહેમીયા, નોરધર્ન-રૂમાન્યા, સીસીલીયા, બ્લેકપુલ, પોર્ટસ્મથ, લોનતન, શીકાગો, ફીલેડેલ્ફીયા, મુંબઇ, દમાસકસ, પ્રાગ, રેવેના, રોમ, એબીસીનીયા, સીરકેસીયા, લુથેનીયા, પ્રુશીયા, રશીયા, સ્વીડન, બ્રેમન અને હેમબર્ગ, આ દેશોને આ મહિને લડાઇ, ધરતીકંપ અથવા કંઇક કુદરતી બનાવોથી ઓછી વધતી નુકશાની થશે.

જુન.

આ મહિને એલેકઝાંન્ડ્રીયા, મેડીટેરીયન તથા જીબ્રાલ્ટરમાં એક સામતી મોટી Naval battle થશે. આ મહિને બ્રીટીશ નેવીની દરેક ઠેકાણે મોટી જીત થતી સંભળાશે. આ મહિને ઘણી સ્ટીમરો ડુબવાના સમાચારો મળશે. ટર્કીને આ મહિને લડાઇમાં પડવાના સંજોગો ઉભા થશે. આ મહિને હીંદુસ્તાનમાં કોમી હુલ્લડનો બખેડા વધી જવાથી, ગાંધી કંઇક શાંતી સ્થાપવાના પ્રયાસો કરશે, પણ તેમાં નીષ્ફળ જવાથી, અપવાસ કરવાની શરૂઆત કરશે. આ મહિને દરિયામાં તોફાન થશે. અને કેટલેક ઠેકાણે રેલ આવવાની ખબરો સંભળાશે, તથા વરસાદ પુષ્કળ પડવાથી ખેતીને નુકશાન થશે.

જુલાઇ.

આ મહિને મંગળ, મેષ રાશીમાં લગભગ ૭ મહિના રહેશે, જેથી લડાઇનું પાસું પશ્ચિમ બાજુથી નીકળીને પૂર્વ બાજુ આવશે. કેટલાક લડાઇથી અલગ રહેલા દેશો આ મહિનાથી લડાઇમાં સંડોવાશે. ઇંગ્લાંડ, ડેનમાર્ક, જર્મની, સીરીયા, આફ્રીકા, સ્કોટલાંડ, ન્યુઝીલાંડ, ઓસ્ટ્રીયા, બરમા, ચીન, જાપાન, ઇજીપ્ટ, આલબેનીયા, બલગેરીઆ તથા હીંદુસ્તાનનો ફ્રન્ટીયર ભાગ પંજાબ અને અફઘાનીસ્તાન. ઉપલા દેશો પર આ મેષનો મંગળ ભારે અસર દેખાડશે. અને જુલાઇ ૧૯૪૧ થી જાન્યુઆરી ૧૯૪૨ સુધી ઉપલા દેશો પર લડાઇની ઓછી વધતી અસર રહેશે. આ મહિને બ્રીટનની હવાઇ તથા દરિયાઇ મોટી જીતો થશે, જે જીતો British

History માં યાદગારી મુકી જશે. ઘણું ખરૂં બ્રીટન આ મહિને sea invation કરી દુશમનોના મુલકો પર ચઢાઇ લઇ જશે. રશીયાને આ મહિને યુરોપની લડાઇમાં પડવાનો સંભવ છે. આ મહિને કોંગ્રેસ અને સરકાર વચ્ચે કંઇ સમજુતીના પ્રયાસો થશે.

ઓગસ્ટ.

આ મહિને બ્રીટન અને અમેરીકા વચ્ચે અગત્યના કરારો થશે, જે કરારોથી ડીકટેટરોને મોટો ફટકો પડશે. આ મહિને જાપાન યુરોપની લડાઇમાં પડશે. અને જાપાનની નેવી પેસીફીકમાં વિગ્રહો જગાડશે. આ મહિને ગુરૂ લંડનની લગ્નની ડીગ્રીના કંજંકશનમાંથી પસાર થતો હોવાથી, આ મહિનાથી લંડન પર હવાઇ હુમલાઓ થતા બંધ થશે. આ મહિને પણ બ્રીટીશ નેવીને ફત્તેહ મલતી જશે. આ મહિને બ્રીટનની જીત ૧૯૪૧ માં બહુ મોટી લેખાશે. બ્રીટન આ મહિને દુશમનોના ઘણા મુલકો કબજે કરશે. જર્મન Air force અને લડાઇના કારખાનાઓની આ મહિને મોટી નુકશાની થશે. આ મહિને બરલીન, મ્યુનીક, હેમબર્ગ, બ્રેમન, એન્ટવર્પ, મીલાન, ટયુનીસ કોલોંગ અને વીએના પર મોટા હવાઇ હુમલાઓ થશે.

સપટેમ્બર.

આ મહિને થનારા બે ગ્રહણો ૫ મી સપટેમ્બરે થનારૂં ચંદ્ર ગ્રહણ અને ૨૧ સપટેમ્બરે થનારૂં સૂર્ય ગ્રહણ. આ બંને ગ્રહણો એકજ કન્યા રાશીમાં "common sign", and Earthly sign "માં થશે. તા. ૫ મી ના ચંદ્ર ગ્રહણ વખતની કુંડળી જોતાં, આ ગ્રહણ આંઠમાં સ્થાનમાં પડે છે. વળી આ ગ્રહણ વખતે "**કાળ સર્પ**" યોગ થાય છે. (રાહુ અને કેતુની વચ્ચેની ૬ રાશીમાં બધા ગ્રહો આવી જવાથી કાળ સર્પ નામનો યોગ થાય છે. આ "કાળ સર્પ" યોગ જ્યારે થાય છે, ત્યારે દુન્યા પર કંઇક મોટી આફત વરસાવે છે. આ "કાળ સર્પ" યોગનું ફળ કેવું અને કેમ મળે છે, અને આ યોગ દરેક ઇન્સાન જાત પર કેવી અસર કરે છે, તેનું વિગતવાર બ્યાન આગળી બનેલા દાખલાઓ તથા હવે પછી

ભવિષ્યમાં બનનારા બનાવો સાથે **"૧૯૪૨ ના વર્ષ ભવિષ્ય"** માં જણાવીશ. હાલ ફક્ત દાખલા તરીકે એટલુંજ જણાઉં છું કે જ્યારે ગયા મે મહિનામાં હીટલરે, ફ્રાન્સ, બેલજીયમ અને હોલાંડ પર ચઢાઇ કીધી ત્યારે આ "કાળ સર્પ" યોગ થયો હતો. તે વખતે ફક્ત એકજ મહિનામાં એકંદર ૨૦ થી ૨૫ લાખ Army સાફ થઇ ગયું હતું.) તા. ૫ મી સપટેમ્બરના ચંદ્ર ગ્રહણ વખતે આ "કાળ સર્પ" યોગ થતો હોવાથી આ ગ્રહણની અસર ઓરબી વધુ ભયંકર નીવડશે. આ મહિને લડાઇ ઘણીજ ભયંકર થશે, જેની ખુવારી ફ્રાન્સનની લડાઇ કરતા ઘણી મોટી રહેશે. આ ગ્રહણથી, ખેતી અને પાકને મોટું નુકશાન પુગશે, અને કંઇક દુકાળ જેવી સ્થીતી ઉભી થશે. આ ગ્રહણ આંઠમાં સ્થાનમાં થતું હોવાથી, આ મહિને ખરાબ રોગ ફાટી નીકળવાથી, પ્રજાની નુકશાની ઘણી થશે. ખાસ કરીને હલકા અને કામદાર વર્ગોને આ મહિને ઘણું નુકશાન થશે. તા. ૨૧ સપટેમ્બરના સૂર્ય ગ્રહણ વખતે "કાળ સર્પ" યોગની અસર નીકળી જશે. પણ ૨૧ મી નું સૂર્ય ગ્રહણ નેપચ્યુનનાં કંજંકશનમાં થતું હોવાથી, આ મહિને મોટી Naval battle થશે. દરિયામાં કુદરતી વિગ્રહો રેલ, તોફાન, વાવીઝોડાં ઘણા થશે. આ મહિને ઘણી સ્ટીમરો ડુબી જવાના સમાચાર સંભળાશે. ઘણું ખરૂં આ મહિને કંઇ મોટી રેળ આવવાનો સંભવ છે. સ્પેન, પોરચ્યુગલ, એલેકઝાંન્ડ્રીયા, ઇંગ્લાંડ, ડેનમાર્ક, જર્મની, પેલેસટાઇન, સીરીયા, બરમીંગહામ, બ્લેકબર્ન, બોડહામ, લીસેસટર, બ્રન્સવીક, ફ્લોરેન્સ, માર્સેલસ, નેપલસ, સારાગોસા, આર્યલેંડ, પરશીયા, પોલેંડ, આફ્રીકા, હોલેંડ, ન્યુઝીલાંડ, સ્કોટલેંડ, મેનચેસ્ટર, એમસ્ટરડેમ, મીલાન, સ્ટોકહોમ, ટયુનીસ, વેનીસ, નોર્ધનરૂમાન્યા, પ્રાગ, ટોનટન, શીકાગો, મુંબઇ, ગ્રીસ, ટરકી, બોબીલોના, બ્રાઝીલ, ક્રેટ, મેસાપોતેમીયા, સ્વીટઝલેંડ, અને વેસ્ટ ઇંડીઝ. ઉપલા દેશો અને શહેરોને આ બંને ગ્રહણો અને "કાળ સર્પ" યોગની અસર વધું રહેશે. અને લડાઇ, ધરતીકંપ, રેલ, દુકાળ યા રોગથી ઓહ્યું વધતું નુકશાન થશે. એકંદર ઉપલા બંને ગ્રહણોની અસર લગભગ બે મહિના સુધી રહેશે. આ ગ્રહણોની અસર મુસોલીની, સ્ટેલીન અને રૂઝવેલ્ટને વધુ ખરાબ રહેશે. અમેરીકાને આ મહિને કોઇ સાથે અથડામણમાં આવવું પડશે.

અકટોબર.

આ મહિને પણ લડાઇનું સ્વરૂપ ભયંકર રહેશે. બ્રીટનની આ મહિને દરિયાઇ તથા હવાઇ લડાઇમાં વધુને વધુ જીત થતી રહેશે. જર્મનીના Air force ને મોટી નુકશાની થતી રહેશે. આ મહિનાથી બ્રીટનની જીતનું પાસું મજબુત થતું જશે. આ મહિને આગ, અકસ્માત અથવા જ્વાલામુખી ફાટવાના બનાવો સંભળાશે. ગરમીનું જોર અતીશય રહેશે. આ મહિને ચીન, જાપાનની લડાઇ ગંભીર રૂપ લેશે.

નવેમ્બર.

આ મહિને પણ બ્રીટીશ નેવીની મોટી જીત થશે. આ મહિને જર્મન Air force અને હથ્યાર બનાવવાના કારખાનાઓને મોટું નુકશાન થતું રહેશે. આ મહિને કેટે ધરતીકંપના સાધારણ આંચકાઓની ખબરો સંભળાતી રહેશે. ડીકટેટરોની જીતનું પાસું આ મહિનાથી નબળું પડતું જશે.

ડીસેમ્બર.

આ મહિને રૂઝવૅલ્ટના સત્તામાં મોટો વધારો થશે. અને અમેરીકા આ મહિને કોઇપણ દેશને ચેલેંજ કરવા જેવું બળવાન બનશે. અમેરીકા તરફથી "ડેમોક્રેસી" દેશોને આ મહિને મોટી મદદો મલતી રહેશે. હીટલરને આ મહિને કંઇક મોટી નાસીપાસી મળશે. આ મહિને પણ બ્રીટીશ નેવીને મોટી ફતેહ મળતી જશે. આ મહિનાથી બ્રીટનનો Air force યુરોપના કોઇપણ દેશો કરતા વધું ઉંચા ટોંચે પુગશે.



સાયન ગ્રહોની ગણત્રીથી કાઢેલું ૧૯૪૧ નું વેપારી તથા બજાર ભવિષ્ય.

જાન્યુઆરી.

આ આખ્ખો મહિનો લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ અને જુતના ભાવો ઉંચા રહેશે. તાતા આર્યન અને સ્ટીલ શેરોમાં તેજી રહેશે. તા. ૧ થી ૧૩ સુધી સોના ચાંદીના ભાવોમાં તેજી રહેશે. ૧૪ થી ૩૧ સુધીમાં સોના ચાંદીમાં સાધારણ મંદી આવશે. ૧ થી ૧૬ સુધીમાં કાગળના ભાવોમાં ઘણો વધારો થશે. અને ૧૭ થી ૩૧ સુધીમાં કાગળના ભાવોમાં વધઘત થયા કરશે. ૧ થી ૧૦ તારીખ સુધી શેર બજારમાં ઘણી તેજી રહેશે. ૧૦ થી ૨૦ સુધી બજાર અસ્થીર રહેશે. તેજી મંદી થયા કરશે. અને ૨૦ થી ૩૧ સુધીમાં બજારમાં મોટી મંદી આવશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોમાં ૧ થી ૨૦ સુધી તેજી રહેશે. અને ૨૦ થી ૩૧ સુધી ભાવો સ્થીર રહેશે. મીલ શેરોના ભાવો આખ્ખો મહિનો અસ્થીર રહેશે, તેજી મંદી થયા કરશે. રેલ્વે અને ત્રામવેના શેરોના ભાવો આખ્ખો મહિનો ઉંચા રહેશે.

ફેબ્રુઆરી.

આ આખ્ખો મહિનો લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ અને જુતના ભાવો ઉંચા રહેશે. તાતા આર્યન અને સ્ટીલ તથા મીલ શેરોમાં તેજી રહેશે. તા. ૧ થી ૬ સુધી સોના ચાંદીમાં સાધારણ નરમાશ રહેશે. અને ૭ થી ૨૮ સુધી સોના ચાંદીના બજારમાં વધઘત થયા કરશે. આ આખ્ખો મહિનો કાગળના ભાવો ઘણા ઉંચા રહેશે. ૧ થી ૬ તારીખ સુધી શેર બજારમાં મંદીનું વાતાવરણ રહેશે. ૭ થી ૧૯ સુધી બજારમાં વધઘત થયા કરશે. અને ૨૦ થી ૨૮ સુધીમાં બજારમાં મોટી તેજી આવશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોના ભાવો આ મહિને લગભગ સ્થીર રહેશે. ફક્ત ૬ થી ૧૬ સુધીમાં કંઇક વધઘત થશે. રેલ્વે અને ત્રામવેના શેરોમાં આ આખ્ખો મહિનો તેજી રહેશે.

માર્ચ.

આ આખ્ખો મહિનો લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં રૂ, કપાસ, શણ અને જુતના ભાવોમાં ઘણો વધારો થશે. અને તાતા આર્યન, સ્ટીલ, અને મીલ શેરોમાં મોટી તેજી રહેશે. આ આખ્ખો મહિનો કાગળના ભાવો ઉંચા રહેશે. ફક્ત ૬ થી ૧૫ સુધી કાગળના ભાવોમાં સાધારણ વધઘત થયા કરશે. લગભગ આખ્ખો મહિનો સોના ચાંદીનું બજાર ઘણું તેજમાં રહેશે. આ મહિને સોના ચાંદીમાં લગભગ ૧૫ ટકા જેટલો વધારો થશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોમાં ૧ થી ૨૦ તારીખ સુધી તેજી રહેશે. અને ૨૧ થી ૨૮ સુધી સાધારણ મંદી રહેશે શેર બજારમાં ૧ થી ૧૨ તારીખ સુધી મોટી તેજી રહેશે. અને ૧૩ થી ૨૮ સુધીમાં ભાવો ઉંચા નીચા થયા કરશે. રેલ્વે અને ત્રામવે શેરોના ભાવો ઘણા ઉંચા રહેશે.

એપ્રીલ.

આ મહિને લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ અને જુતના ભાવોમાં મોટી તેજી મંદી થશે. તાતા આર્યન સ્ટીલ, અને મીલ શેરોમાં મોટી વધઘત થયા કરશે. લગભગ આખ્ખો મહિનો સોના ચાંદીનું બજાર સુસ્ત રહેશે. ફક્ત ૨૦ થી ૩૦ સુધી સોના ચાંદીમાં કંઇક વધઘત થશે. કાગળના ભાવોમાં ૧ થી ૧૨ સુધી મોટી વધઘત થશે. અને ૧૩ પછી બજાર ઉંચા ભાવે સ્થીર રહેશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોના ભાવો સારી રીતે ટકેલા રહેશે. શેર બજાર ૧ થી ૨૦ તારીખ સુધી અસ્થીર રહેશે, તેજી મંદી થયા કરશે. ૨૧ પછી બજાર મંદીના ભાવે ટકેલું રહેશે. રેલ્વે અને ત્રામવેના શેરોમાં ૧ થી ૧૨ સુધી વધઘત થયા કરશે. ૧૩ પછી શેરોના ભાવો ઉંચા ભાવે ટકેલા રહેશે.

મે.

આ મહિનાની ૧ થી ૧૫ તારીખ સુધી લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ તથા જુતનું બજાર અસ્થીર રહેશે. ૧૬ પછી ઉપલા બજારમાં પાછી તેજી આવશે. અને મહિનાની આખેરી સુધી તેજીમાં ટકેલું રહેશે. તા. ૧૫ સુધી તાતા આર્યન, સ્ટીલ, અને મીલ શેરોમાં મોટી વધઘત થશે. અને ૧૬ પછી ઉપલા શેરોના ભાવ પાછા ઉંચા થશે. સોના ચાંદીમાં ૧ થી ૧૪ તારીખ સુધીમાં ૧૦ થી ૧૫ ટકા

વધઘત થશે. અને ૧૫ પછી બજાર પાછું તેજીમાં આવશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોમાં ૧ થી ૨૦ તારીખ સુધીમાં મોટી વધઘત થશે. અને ૨૧ પછી ભાવો પાછા સ્થીર થશે. શેર બજારમાં ૧ થી ૧૧ સુધી મોટો મંદીનો ઝોક આવશે. અને ૧૨ થી ૨૩ સુધીમાં પાછી મોટી તેજી થશે. અને ૨૪ પછી બજાર ઉંચા ભાવે ટકેલું રહેશે. કાગળના ભાવોમાં ૧ થી ૧૨ સુધી મોટી વધઘત થશે. અને ૧૩ પછી કાગળના ભાવોમાં ૨૦ થી ૨૫ ટકા જેટલો વધારો થઇ જશે. રેલ્વે અને ટ્રામવેના શેરોમાં ૧ થી ૧૨ સુધી વધઘત રહેશે. અને ૧૩ પછી શેરોના ભાવ પાછા વધશે.

આ મે માસમાં ૬ ગ્રહો વૃષભ રાશીમાં એકત્ર થતા હોવાથી આ માસમાં દરેક બજારમાં મોટી ઉથલપાથલ થશે. માટે વેપારીઓએ પોતાના જન્મના ગ્રહો તપાસીને બજારનો વહેવાર કરવો.

જુન.

આ મહિને લોખંડ, ધાતુ, ખાણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણુ અને જુતના ભાવોમાં મોટી તેજી રહેશે. તાતા આર્યન, સ્ટીલ, તથા મીલ શેરોના ભાવ ઉંચા રહેશે. આ મહિને સોના ચાંદીના ભાવોમાં ૧૦ થી ૧૫ ટકા જેટલો વધારો થશે. કાગળના ભાવો પણ આ મહિને ઉંચા રહેશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોમાં ભાવો ચઢઉતર થશે. આ મહિને શેર બજારમાં તેજીનું જોર વધુ રહેશે. આ મહિને બજાર લગભગ ૪૦ થી ૫૦ ટકા જેટલું ઉપર જશે. રેલ્વે અને ટ્રામવે શેરોના ભાવોમાં મોટો વધારો થશે. એકંદરે આ જુન માસમાં દરેક બજારમાં મંદી કરતા તેજીનું વાતાવરણ ઘણું રહેશે.

જુલાઇ.

૭૯ વર્ષે મંગળ પાછો મેષ રાશીમાં ૭ મહિના જુલાઇથી જાન્યુઆરી ૧૯૪૨ સુધી રહેતો હોવાથી જુલાઇથી લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણુ અને જુતના ભાવોમાં મોટી જબરદસ્ત, તેજી થશે. જે તેજીની અસર ૭ મહિના સુધી કાયમ રહેશે. તાતા આર્યન, સ્ટીલ, સીમેંટ તથા મીલ શેરોના ભાવો ઘણા ઉંચે બોલાશે. જે મીલોના શેરના ભાવો મરી ગયલા હશે તેમાં પણ તેજી થશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરના ભાવો પણ ઉંચે ટકેલા રહેશે. સોના

ચાંદીમાં આ મહિને ૧૦ થી ૧૫ ટકા જેટલી તેજી મંદી થશે, અને મહિનાની આખેરીમાં બજાર મંદીમાં ટકેલું રહેશે. આ મહિને પણ શેર બજારમાં મંદી કરતા તેજીનું જોર વધુ રહેશે. કાગળના ભાવ જેમના તેમ ઉંચે ટકેલા રહેશે. રેલ્વે અને ત્રામવેના શેરોના ભાવો તેજીમાં બોલાશે.

ઓગસ્ટ.

આ મહિને લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ અને જુતના ભાવોમાં બેહદ વધારો થશે. તાતા આર્યન, સ્ટીલ, સીમેંટ તથા મીલ શેરોમાં તેજીના ભાવ બોલાશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોમાં મોટી વધઘત થશે. સોના ચાંદીનું બજાર ૨૦ તારીખ સુધી દબાયલું રહેશે. ૨૧ તારીખ પછી સોના ચાંદીમાં ૧૦ થી ૧૫ ટકા જેટલો વધારો થશે. કાગળના ભાવોમા ૨૦ તારીખ સુધી વધઘત થયા કરશે. ૨૧ પછી કાગળના ભાવો પાછા ઉંચે ટકેલા રહેશે. ૧ થી ૧૪ તારીખ સુધી શેર બજાર તેજીમાં રહેશે, અને ૧૫ થી ૩૧ સુધી બજાર મંદીમાં ટકેલું રહેશે. રેલ્વે અને ત્રામવેના શેરોમાં વધઘત થયા કરશે.

સપટેમ્બર.

આ મહિને ત્રણ પાપ ગ્રહો વૃક્ર ગતિના હોવાથી, દરેક બજારમાં તેજી કરતા મંદીનું વાતાવરણ વધું રહેશે. લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ શણ અને જુતના ભાવોમાં ૭ તારીખ પછી સાધારણ મંદી રહેશે. તાતા આર્યન, સ્ટીલ, સીમેંટ તથા મીલ શેરોના ભાવમાં વધઘત થશે. આ મહિનાની ૧૫ તારીખ સુધી સોના ચાંદીમાં તેજી આવશે. ૧૬ તારીખ પછી બજાર મંદીમાં ટકેલું રહેશે. ૧૨ તારીખ સુધી શેર બજાર તેજીમાં રહેશે. ૧૩ પછી બજારમાં મંદીનો ઝોંક આવશે. રેલ્વે અને ત્રામવે શેરોમાં વધઘત રહેશે. આ મહિને ફક્ત કાગળનું બજાર તેજીમાં રહેશે. આ મહિને થનારા બે ગ્રહણોનું ફળ, ભાદ્રપદ શુદ ૧૫ નું ચંદ્ર ગ્રહણ, શતભીષા નક્ષત્ર અને શુક્રવારયું હોવાથી કપાસના ભાવ વધે રસકસ, ઘી, તેલના ભાવ વધે, રૂમાં મોટી તેજી થાય અને જેટલી તેજી થાય તેટલી પાછી મંદી થાય, અને ત્રણ માસની અંદર રૂમાં ૫૦ ટકા ઘટે, ભાદ્રપદ વદ ০) નું સૂર્ય ગ્રહણ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર અને રવીવારયું હોવાથી, ત્રણ માસમાં લવંગથી લાભ થાય. લવંગમાં મોટી તેજી આવે. ઘી, તેલ અને ખાંડ સંગ્રહવી, અને અઢી માસ પછી વેચવાથી લાભ થાય.

અકટોબર.

આ મહિને ચાર મોટા ગ્રહો હરસળ, શની, મંગળ અને ગુરૂ વૃક્ર ગતિના હોવાથી, આ મહિને દરેક બજાર તેજી કરતા મંદીમાં વધારે દબાયલું રહેશે. ફક્ત લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ, જુત, કાગળ, તાતા આર્યન, સ્ટીલ, સીમેંટ અને મીલ શેરોમાં વધઘત થયા કરશે. ૧૧ તારીખ સુધી સોના ચાંદીના બજારમાં મંદી રહેશે. ૧૨ પછી બજારમાં વધઘત થયા કરશે. ૨૦ તારીખ સુધી શેર બજાર તેજીમાં રહેશે. અને ૨૧ તારીખ પછી બજારમાં મંદીનો ઝોંક આવશે. રેલ્વે અને ત્રામવેના શેરોમાં વધઘત થયા કરશે.

નવેમ્બર.

આ માસની ૧૦ તારીખ પછી લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ અને જુતના ભાવોમાં પાછી મોટી તેજી આવશે. તાતા આર્યન, સ્ટીલ, સીમેંટ અને મીલ શેરોના ભાવ ઉંચે બોલાશે. તાતા હાઇડ્રો અને તાતા પાવરના શેરોમાં મોટી વધઘત થશે. ૬ તારીખ પછી સોના ચાંદીનું બજાર મંદીમાં દબાયલું રહેશે. આ મહિને કાગળના ભાવોમાં મોટી ચઢઉતર થશે. ૨૨ તારીખ સુધી શેર બજારમાં મોટો મંદીનો ઝોક આવશે. અને ૨૩ પછીથી બજાર તેજીમાં સુધરતું જશે. રેલ્વે અને ત્રામવેના શેરોમાં મોટી વધઘત થશે.

ડીસેમ્બર.

આ મહિને લોખંડ, ધાતુ, ખણીજપદાર્થ, રંગ, તેલ, બીયાં, રૂ, કપાસ, શણ અને જુતના ભાવોમાં મોટી તેજી રહેશે. તાતા આર્યન, સ્ટીલ, સીમેંટ અને મીલ શેરોના ભાવ ઉંચે ટકેલા રહેશે. ૮ તારીખ પછી સોના ચાંદીના બજારમાં મોટી વધઘત થશે, અને મહિનાની આખેરી સુધી સોના ચાંદીનું બજાર મંદીમાં ટકેલું રહેશે. કાગળના ભાવો ચઢઉતર થયા કરશે. ૧૪ તારીખ સુધી શેર બજારમાં મોટી તેજી રહેશે, અને ૧૫ તારીખ પછીથી શેર બજારમાં વધઘત થયા કરશે. રેલ્વે અને ત્રામવેના શેરોમાં વધઘત થશે. ખાસ કરીને આ મહિને રૂ, કપાસમાં ૫૦ ટકા જેટલી તેજી થવાનો સંભવ છે.

હમારા જોતિષના કામનું પ્રાઇસ લીસ્ટ.

	રૂપયા
નવ કુંડળી, ત્રણ દશા સાથનો ટપકો	૫
બાર ભાવના ફળ સાથનો ટપકો	૧૫
આખી જીંદગીનો હેવાલ દરેક વરસનો જુદો	૨૫
વર્ષફળ, દરેક મહિનાનું જુદું	૫
રોજે રોજનું ૩૬૫ દહાડાનું વર્ષફળ .... (આ વર્ષફળ વેપારી તથા ધંધાદારીઓમાં ભારે પ્રશંસા પામ્યું છે.)	૩૦
અંગ્રેજી રૂઢી પ્રમાણે બાર ભાવનું ફળ લખી આપવાનું	૧૦
હસ્ત રેખા પરથી ભવિષ્ય જોવાના	૨
હોરારી-વિધ્યા પ્રમાણે એક પ્રશ્નનનો જવાબ કહેવાનો	૨
અંગ્રેજી તથા દેશી રૂઢી પ્રમાણે લગ્નની રાશ જોવાના	૧
ઘરે બોલાવવાની ફી	૧૦

આ ચોપડી ધી જમશેદજી નશરવાનજી પીટીટ પારસી ઓરફનેજ કેપ્ટન
પ્રીન્ટીંગ વર્કસ, નં. ૧૪૧ H. લાલબાગ, પરેલ, મુંબઇમાં સોરાબજી
એદલજી દોકતરે છાપી છે, અને પ્રો. આર. બી. આશાગ્રે
પ્રેસવાલા બીલ્ડીંગ, લેમીંગ્ટન રોડ, મુંબઇ મધ્યેથી
પ્રગટ કીધી છે.